THURSDAY
૧૧-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, પોષ વદ ૧૫
અંક : ૧૦૮
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪

### ભાવનગરના અલંગમાં શીપ બ્રેકર મુકેશ પટેલ દ્વારા ખરીદવામાં આવેલા અને અડધા ભાંગી નાખવામાં આવેલ

# યુદ્ધજહાજ વિરાટને ભાંગવા પર સુપ્રિમની રોક

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૦

INS વિરાટને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. અલંગ શિપયાર્ડમાં રહેલ INS વિરાટને તોડવા પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણી દરમિયાન વિરાટને તોડવા પર સ્ટે આપી દીધો છે. આ મામલે સુપ્રીમ કોર્ટે ખરીદનારને નોટિસ ઈશ્યુ કરી છે. હાલ અલંગ શિપયાર્ડ બ્રેકિંગમાં વિરાટને તોડવાની કામગીરી ચાલી રહી છે. અરજદારે કહ્યું છે કે એને તોડવા કરતાં મ્યુઝિયમમાં રૂપાંતરિત કરવામાં આવે.

આઈએનએસ વિરાટ વર્ષ ૧૯૫૯માં બનાવવામાં આવ્યું હતું અને આ યુદ્ધ જહાજ વર્ષ ૧૯૮૭માં ભારતીય નેવીમાં સામેલ કરવામાં આવ્યું હતું. ઐતિહાસિક યુદ્ધ જહાજે ભારતીય નેવીમાં ત્રીસ વર્ષ સુધી સેવા બજાવી હતી.૧૮૦૦૦ ટન એલબીટી ધરાવતા આઈએનએસ વિરાટ જહાજની પહોળાઈ ૪૯ મીટર, લંબાઈ ૨૨૫ મીટર છે. અને તે વિશિષ્ટ રીતે બનાવવામાં આવેલું છે.

INS વિરાટ ભાવનગરના શ્રીરામ ગૃપે ખરીદ્યું હતું. તેને અલંગમાં સ્ક્રેપ માટે તોડવાનું હતું પરંતુ તેને સંગ્રહાલય તરીકે વિકસાવવાની માંગને લઈને ઘણો વિવાદ ચાલી રહ્યો હતો જે હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. હાલ તો સુપ્રીમ કોર્ટે INS વિરાટને તોડવા પર રોક લગાવી છે.





ભારતનું ઐતિહાસિક યુદ્ધ જહાજ જેણે ૫૬ વર્ષ સૌથી લાંબો સમય યુદ્ધ જહાજ તરીકે સેવા આપીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું હતું. તે INS વિરાટ ભાવનગરના અલંગ એક્કર પોઈન્ટ પર ભંગાણ (ડિસ્મેન્ટલ) થવા માટે આવ્યું હતું. ભારતીય નૌકાદળ દ્વારા ૩૦ વર્ષ સુધી આઈએનએસ વિરાટની સેવા લેવામાં આવી હતી. INS વિરાટે યુ.કેમાં ૨૬ વર્ષ અને ભારતમાં ૩૦ વર્ષ એટલે કે ૫૬ વર્ષ સુધી સેવા આપેલી. ત્રણ દાયકા સુધી INS વિરાટે સમુદ્ર પર રાજ કર્યું હતું અને વિરાટ દેશની શાન હતું. જેને ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ સેવા નિવૃત્ત કરવામાં આવ્યું.

**સુપ્રિમે અરજદારને ૧૦૦ કરોડની ઓફર અંગે વિચારણા કરવા નોટીસ કાઢી : વિરાટને મ્યુઝિયમમાં ફેરવવા સુપ્રિમ કોર્ટમાં કરાઈ હતી અરજી**

અલંગ શીપ બ્રેકિંગ યાર્ડમાં આવેલી શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઓનલાઈન ઓક્શનમાં રૂપિયા ૩૮.૫૪ કરોડની કિંમતે આઈએનએસ વિરાટની ખરીદી કરવામાં આવી હતી. મુંબઈથી ટગની સાથે બાંધીને તેને અંલગ એંકર પોઈંટ પર લાવવામાં આવ્યું હતું. ૧૮ હજાર ટન એલડીટી ધરાવતા આ યુદ્ધ જહાજને વર્ષ ૧૯૫૯માં બનાવવામાં આવ્યું હતું. આ યુદ્ધ જહાજ વર્ષ ૧૯૮૭માં ભારતીય નેવીમાં સામેલ થયું હતું. શ્રીલંકા હોય, સંસદ પરનો હુમલો હોય કે કારગીલ હોય તે સમયે INS વિરાટે મહત્વની ભૂમિકા ભજવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ડીસેમ્બરમાં મહારાષ્ટ્ર સરકારે વિરાટને સમારકામ અને બચાવવા માટેનો પ્રસ્તાવ મોકલ્યો હતો. શિવસેના રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ આ સંદર્ભે સંરક્ષણ મંત્રાલયને એક પત્ર લખ્યો હતો.આ માટે સંરક્ષણ મંત્રાલય તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) માંગવામાં આવ્યું હતું. ચતુર્વેદીએ કહ્યું કે મહારાષ્ટ્ર સરકાર આ ઐતિહાસિક યુદ્ધ જહાજને જાળવણી કરવામાં ખુશી અનુભવશે. તેમણે કહ્યું કે, ખૂબ દુખ અને ચિંતાની વાત છે કે આઈએનએસ વિરાટને ભંગારમાં ફેરવવાની કામગીરી ગુજરાતના અલંગમાં શરૂ કરવામાં આવી છે.

# યુપીના લખનઉમાં બુટલેગર-પોલીસ વચ્ચે ધસામણ : એક કોન્સ્ટેબલ શહીદ

(જી.એન.એસ.)લખનઉ,તા.૧૦

ઉત્તર પ્રદેશના કાસગંજ ખાતે મંગળવારે મોડી સાંજે બુટલેગર્સ સામે કાર્યવાહી કરવા ગયેલી પોલીસ પર જીવલેણ હુમલો થયો હતો. કાસગંજના સિઢપુરા થાણા ક્ષેત્રના નગલા ધીમર પાસે કાલી નદીના કિનારે આ પ્રકારની અથડામણ થઈ હતી. માફિયાઓએ એક સિપાહીને મોતને ઘાટ ઉતાર્યો હતો જ્યારે ઈન્સપેક્ટરને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. ત્યાર બાદ બુધવારે વહેલી સવારે પોલીસની કાર્યવાહીમાં બુટલેગર મોતીના ભાઈને ઠાર મારવામાં આવ્યો હતો. સિઢપુરા થાણા ક્ષેત્રના પ્રભારી પ્રેમપાલ સિંહના કહેવા પ્રમાણે પોલીસ બુટલેગર અને તેમના સાથીદારોની શોધમાં લાગી હતી અને તે સમયે પોલીસ અને બુટલેગર વચ્ચે અથડામણ થઈ હતી. બુટલેગર્સ દ્વારા પોલીસ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો અને જવાબી કાર્યવાહીમાં પોલીસે પણ સામો ગોળીબાર કર્યો હતો. આ અથડામણમાં બુટલેગર મોતી ધીમરના ભાઈ એલકાર સિંહને ગોળી વાગી હતી. એલકારને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જ્યાં ડૉક્ટર્સે તેને મૃત ઘોષિત કર્યો હતો.

કાસગંજના નગલા ધીમર ગામમાં દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા અડ્ડા પર ઝેરી દારૂ મામલે કાર્યવાહી કરવા ગયેલા ઈન્સપેક્ટર અને સિપાહીને ગુંડાઓએ દોડાવી-દોડાવીને માર માર્યો હતો. તેમણે પોલીસકર્મીઓનો ગણવેશ ફાડી નાખ્યો હતો અને હથિયારો છીનવી લીધા હતા. અનેક કલાકોની શોધખોળ બાદ સિપાહીની લાશ મળી આવી હતી અને બીજી જગ્યાએથી ઈન્સપેક્ટર ગંભીર હાલતમાં મળી આવ્યા હતા.

# રેકોર્ડ નષ્ટ કરવાના આરોપસર ભારતીય કંપનીને અમેરિકા દ્વારા ૩૬૪ કરોડનો દંડ

(જી.એન.એસ)વૉશિંગ્ટન,તા.૧૦

અમેરિકાએ ભારતની એક દવા કંપનીને ૩૬૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અમેરિકાના ન્યાય વિભાગના અહેવાલ પ્રમાણે FKOL કંપનીએ જાણકારી છુપાવવાનો અને રેકોર્ડ નષ્ટ કરવાનો આરોપ સ્વીકારી લીધો છે. કંપની પર એવો આરોપ હતો કે ૨૦૧૩માં જ્યારે અમેરિકી ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની ટીમ તપાસ માટે કંપનીના કાર્યાલય પહોંચી તેના પહેલા જ અનેક રેકોર્ડ નષ્ટ કરી દેવામાં આવેલા. અમેરિકી ન્યાય વિભાગના અહેવાલ પ્રમાણે કંપનીએ પોતાનો ગુનો સ્વીકારી લીધો છે અને સાથે જ ૩૬૪ કરોડ રૂપિયાનો દંડ ચુકવવાની વાત પણ માની લીધી છે. નવાડાની ફેડરલ કોર્ટમાં આ મામલે કેસ નોંધવામાં આવ્યો હતો. FKOL કંપની પર તેણે અમેરિકાના ફેડરલ ફુડ, ડ્રગ એન્ડ કોસ્મેટિક એક્ટનું ઉલ્લંઘન કર્યુ હોવાનો આરોપ લાગ્યો હતો.

અમેરિકી ન્યાય વિભાગના કહેવા પ્રમાણે અમેરિકી ઉપભોક્તાઓ માટે વપરાતી દવાઓની તપાસ દરમિયાન અમુક જાણકારીઓ FDAથી છુપાવવામાં આવી હતી અને રેકોર્ડ ડિલીટ કરી દેવામાં આવ્યા હતા.

# પ્રદૂષણ મામલે કોક, પેપ્સી અને બિસ્લેરીને ૭૨ કરોડનો તોતિંગ દંડ ફટકારતું સીપીસીબી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૦

સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે કોક, પેપ્સી અને બિસ્લેરીને લગભગ ૭૨ કરોડનો દંડ ફટકાર્યો છે. આ દંડ પ્લાસ્ટિક કચરાના ડિસ્પોઝલ અને કલેક્શનની માહિતી સરકારી બોડીને ન આપવાના કેસમાં લગાવવામાં આવ્યો છે. બિસ્લેરી પર ૧૦.૭૫ કરોડ રૂપિયા, પેપ્સિકો ઈન્ડિયા પર ૮.૭ કરોડ અને કોલા બેવરેજીસને ૫૦.૬૬ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.


બાબા રામદેવની પતંજલિને ૧ કરોડ રૂપિયાની પેનલ્ટી લગાવાઈ છે. એક અન્ય કંપનીને ૮૫.૯ લાખ રૂપિયાની પેનલ્ટી લગાવાઈ છે. સીપીસીબીએ કહ્યું છે કે આ બધાએ ૧૫ દિવસની અંદર જ દંડની રકમ ભરવી પડશે. પ્લાસ્ટિક કચરાના મામલામાં એક્સિડેન્ટ પ્રોડ્યુસર રિસ્પોન્સિબિલિટી એક પોલિસી છે, જેના આધારે પ્લાસ્ટિક નિર્માણ કરનારી કંપનીઓએ પ્રોડક્ટના ડિસ્પોઝલની જવાબદારી લેવાની હોય છે. બિસ્લેરીનો પ્લાસ્ટિકનો કચરો લગભગ ૨૧ હજાર ૫૦૦ ટન રહ્યો છે. એની પર ૫ હજાર રૂપિયા પ્રતિ ટનના હિસાબથી દંડ ફટકારવામાં આવ્યો છે. પેપ્સીની પાસે ૧૧૧૯૪ ટન પ્લાસ્ટિકનો કચરો રહ્યો છે. કોકા કોલાની પાસે ૪૪૧૭ ટન પ્લાસ્ટિકનો કચરો હતો. આ કચરો જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાનનો હતો. ઈપીઆરનું લક્ષ્ય ૧ લાખ ૫ હજાર ૭૪૪ ટન કચરાનું હતું.




# એટલાન્ટિક મહાસાગરમાં ટ્રાઈડન્ટ-૨ મિસાઈલનું સફળ પરિક્ષણ કરતું અમેરિકા

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૦

રશિયા અને ચીન સાથે ચાલી રહેલા તનાવ વચ્ચે અમેરિકાએ એટલાન્ટિક મહાસાગરમાં તેની સબમરીન મિસાઈલ ટ્રાઈડન્ટ -૨નું સફળ પરીક્ષણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. પરમાણુ હથિયાર વહન કરવામાં સક્ષમ મિસાઈલ ૮ હજાર કિલોમીટર સુધી વિનાશ સર્જી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટ્રાઈડન્ટ મિસાઈલનું ફ્લોરિડાના દરિયાકાંઠેથી લોન્ચ કરવામાં આવ્યું હતું.



પ્રાપ્ત માહિતી મુજબ પરીક્ષણ દરમિયાન મિસાઈલે આશરે ૮૨૦૦ કિમીનો સફર તય કર્યો. મિસાઈલ લોન્ચ સમયે ફ્લોરિડામાં સાંજ હતી અને લોકોને લાગ્યું કે ધૂમકેતુ ધૂમાડો છોડી રહ્યું છે. અમેરિકાએ આ પરીક્ષણ એવા સમયે કર્યુ છે જ્યારે રશિયા અને ચીન સાથે તેનું તણાવ વધ્યું છે. સંરક્ષણ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દુશ્મનના હુમલા પછી યુએસ અને બ્રિટનની જવાબી કાર્યવાહી કરવાની ક્ષમતાની ચકાસણી કરવા માટે આ મિસાઈલ પરીક્ષણ નિર્ણાયક હતું.

જો કે, હજી સુધી આ સ્પષ્ટ થઈ શક્યું નથી કે ટ્રાઈડન્ટ ૨ મિસાઈલને અમેરિકા અથવા બ્રિટેનમાંથી કોની સબમરીનથી લોન્ચ કરવામાં આવ્યું છે. અમેરિકા પોતાની મિસાઈલોનું પરીક્ષણ ઘણી વખત પ્રશાંત મહાસાગરમાં કરે છે.

# પ્રતિબંધો વચ્ચે અણુશસ્ત્રો બનાવવાની ઈરાનની ચીમકી

(જી.એન.એસ.)તહેરાન,તા.૧૦

ઈરાન પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો ચાલુ રહેશે તો ઈરાન અણુશસ્ત્ર વિકસાવી શકે છે તેવી ચેતવણી જાસૂસી પ્રધાન મહમૂદ અલાવીએ પશ્ચિમના દેશોને આપી છે તેવું અત્રેના સરકારી ટેલિવિઝને કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'અમારી અણુશક્તિ યોજના શાંતિપૂર્ણ હેતુ માટે છે. અમારા ટોચના નેતાએ અણુશસ્ત્ર પર પ્રતિબંધનો ફતવો બહાર પાડયો હતો. જો હવે પશ્ચિમના દેશો ઈરાનને તે દિશામાં ધકેલશે તો ઈરાનનો વાંક નહીં પણ આર્થિક પ્રતિબંધો ચાલુ રાખનારાઓ પર દોષ આવશે. હાલના સંજોગોમાં ઈરાનની અણુશસ્ત્ર બનાવવાનો કોઈ ઈરાદો નથી.

# મેક ઈન ઈન્ડિયા વચ્ચે અયોધ્યાને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવાની કમાન કેનેડાના હાથમાં

**કેનેડાના એલઇએ એસોસિએટ્સને કન્સલ્ટેંસી એજન્સી તરીકે નિયુક્ત કરાઇ**

(જી.એન.એસ.)લખનઉ,તા.૧૦

રામનગરી અયોધ્યાની કાયાકલ્પ કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ માટે, કેનેડાના એલઈએ એસોસિએટ્સને કન્સલ્ટેંસી એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ કંપની અયોધ્યાનો પૂર્ણ વિકાસ, નગર આયોજન, પર્યટન, સિટી એરિયા પ્લાનિંગ બનાવશે. તેમાં સી.પી. કુકરેજા અને એલએન્ડટી ભાગીદારો હશે. કન્સલ્ટન્સી કંપની બનવા માટે ૭ કંપનીઓએ બોલી લગાવી હતી.

હકીકતમાં ઉત્તર પ્રદેશ સરકાર અયોધ્યાને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવાની તૈયારી કરી રહી છે. રામ મંદિરની ભવ્યતા માટે ત્રણ કંપનીઓ સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. અયોધ્યાના સ્માર્ટ સિટી એરિયા પ્લાનિંગ, રિવર એરિયા ડેવલપમેન્ટ, હેરિટેજ, ટૂરિઝમ અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ માટે આ કરાર કરવામાં આવ્યા છે. કેનેડિયન કંપની એલઈએ એસોસિએટ્સ સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડની પસંદગી અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટીએ કરી છે. મળતી માહિતી મુજબ ૨૬ ડિસેમ્બરે અયોધ્યા વિકાસ ઓથોરિટી દ્વારા રિક્વેસ્ટ ફોર પ્રપોજલ પ્રકાશિત કરવામાં આવી હતી.

# ભારતના વિકાસમાં અમેરિકા દરેક ક્ષેત્રે સહકાર આપવા તત્પર



(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૦

અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા નેડ પ્રાઈસે પત્રકાર પરિષદમાં ભારતને ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં અમેરિકાના સૌથી મહત્ત્વના ભાગીદારોમાંના એક તરીકે ઓળખાવ્યું હતું. એક અગ્રગણ્ય વૈશ્વિક સત્તા તરીકે ભારતના ઉદયને અમે આવકાર આપીએ છીએ.

નેડ પ્રાઈસે એમ પણ કહ્યું હતું કે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં ભારત નેટ સિક્યુરિટી તરીકેની જે ભૂમિકા ભજવે છે એને પણ અમે આવકારીએ છીએ. અમે બંને દેશ રાજદ્વારી બાબતોથી લઈને સુરક્ષાને લગતા પ્રશ્નો, સંરક્ષણ ક્ષેત્ર, અણુ-બિનપ્રસારણ, ત્રાસવાદ-વિરોધી જંગ, પર્યાવરણ રક્ષણ, શિક્ષણ, ટેક્નોલોજી, કૃષિ, અવકાશ-સામુદ્રિક સંશોધન જેવા વિસ્તારોમાં સહકાર કરીએ છીએ.

# જામનગરમાં સેન્ચ્યુરી તરફ કૂચ કરતા પેટ્રોલ-ડીઝલનાં ભાવ : પેટ્રોલ ૮૪-૭૭ ડીઝલ ૮૩-૬૨

## પેટ્રોલમાં ૨૯ પૈસા ડીઝલમાં ૨૭ પૈસાનો વધારો ઝીંકાયો

જામનગર તા.૧૦: મહામારી મંદી અને મોંઘવારી વચ્ચે પીસાતી પ્રજાને વધુ એક ઈંધણના ભાવ વધારાનો ડામ લાગ્યો છે, આજે પેટ્રોલનો ભાવ ૮૪-૭૭ તથા ડીઝલના ૮૩-૬૨ થવા પામ્યા છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં કાચા તેલના ભાવમાં સુસ્તી જોવા મળી રહી છે, તેનાથી ઊલટું ડોમેસ્ટિક માર્કેટમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે, વિદેશી કરન્સી દરોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ શું છે, તેના આધારે રોજેરોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થતો હોય છે.

જૂન માસમાં કોરોના ટોચ ઉપર જવા પામ્યો હતો ત્યારે ક્રૂડના ભાવ ગગડ્યા હતા અને તે વખતના ઉંચા કરવેરા મુજબ પણ પેટ્રોલ ડિઝલ સસ્તુ થાય તેમ હતું પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા વધારાનો કર ઝીંકી દેતા જૂનના પ્રથમ સપ્તાહમાં પેટ્રોલ ૬૭ રૂપિયા ભાવ હતો, જ્યારે ડીઝલનો ૬૫ રૂપિયા ભાવ હતો. છેલ્લા આઠ મહિનામાં પેટ્રોલ તથા ડીઝલના ભાવ ટીચુક ટીચુક કરીને ૧૭-૧૭ રૂપિયાનો વધારો થવા પામ્યો છે, કોરોના મહામારી મોંઘવારીના કારણે ધંધા-ઉદ્યોગમાં મંદી છવાઈ જવા પામી છે જેની સીધી અસર લોકોની રોજગારી પર પડી છે જેથી મધ્યમવર્ગના લોકોને ઘર ચલાવવું દોહ્યલું બની ગયું છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાને લીધે તેની સીધી અસર દરેક જીવન જરૂરિયાતની વસ્તુ પર પડતી હોય છે, ખાસ કરીને ગામડામાંથી જિલ્લા સેન્ટરમાં આવતી શાકભાજીના ભાવ ઉપર પેટ્રોલ ડિઝલના ભાવની અસર જોવા મળતી હોય છે.

આજે જામનગર શહેરમાં પેટ્રોલનો ભાવ ૮૪.૭૭ તથા ડીઝલનો ભાવ ૮૩.૬૨ થવા પામ્યો છે, જે ગઈકાલે પેટ્રોલનો ભાવ ૮૪.૪૮ તથા ડીઝલનો ભાવ ૮૩.૩૫ હતો જેમાં ડીઝલમાં ૨૭ પૈસા તથા પેટ્રોલમાં ૨૯ પૈસાનો વધારો થવા પામ્યો છે. કોરોનાની મહામારી સામે લડવા માટે લોકો જાગૃત બન્યા છે અને રહેણીકરણી, ખાણીપીણીમાં બદલાવ આવ્યો છે ખાણીપીણીના માલ પરિવહનમાં પેટ્રોલ ડીઝલનો વપરાશ થતો હોવાથી તેના ભાવની અસર ખાણીપીણી પર થઈ રહી છે. હાલ કોરોના કાળ તેમજ રાજ્યના મેગા સીટીમાં રાત્રી કર્ફ્યુ સહિતના નિયંત્રણનો લીધે મંદી તેમજ નાણાભીડથી પીડાતા લોકો પર પેટ્રોલ ડીઝલનો ભાવ પડયા પર પાટું જેવો થયો છે.

# ભાણવડના ચકચારી લેન્ડ ગ્રેબિંગ કેસના ફરાર આરોપી દ્વારા મૂકવામાં આવેલી આગોતરા જામીન અરજી રદ્દ

## સરકારી વકીલ અને તપાસનીય અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલા તમામ મુદ્દાઓને ધ્યાને લઈ અદાલતે કરેલો આદેશઃ લેન્ડ ગ્રેબિંગ કેસમાં અદાલતના નિર્ણયના પગલે અન્ય કેસના આરોપીઓમાં પ્રસરેલો ભય

જામ ખંભાળિયા, તા. ૧૦: રાજ્યમાં જમીન હડપ કરનારા તત્વો સામે અસરકારક એવા લેન્ડ ગ્રેબિંગનો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રથમ ગુનો ભાણવડ તાલુકામાં પખવાડિયા પૂર્વે નોંધાયો હતો.

ભાણવડ ખાતે આવેલી શૈક્ષણિક સેવા સંસ્થા વારીયા બાલ મંદિર ટ્રસ્ટની આશરે રૂપિયા સાડા ત્રણ કરોડની જંત્રી મુજબની કિંમત ધરાવતી કિંમતી જમીન ૧૦ વર્ષનો નિયમ મુજબનો કરાર પૂર્ણ થઈ ગયા પછી પણ ખાલી ન કરી અને આ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ગર્ભિત ધમકી આપવા ઉપરાંત ટ્રસ્ટના લેણા નીકળતા રૂ. ૧૬.૫૨ લાખની રકમ પણ ન આપવા સબબ જે-તે સમયે બે મહિલાઓ ઉપરાંત અન્ય ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના તપાસનીસ અધિકારી ડી.વાય.એસ.પી. હિરેન્દ્ર ચૌધરી દ્વારા જે તે સમયે ફરિયાદમાં દર્શાવ્યા મુજબ આરોપી આરતીબેન દીપકભાઈ પંડિત અને કૃપાબેન રસિકલાલ ઠાકરની ધરપકડ કરી અને લેન્ડ ગ્રેબિંગના કાયદા મુજબ જરૂરી કાર્યવાહી કરી હતી.

આ પછી પોલીસ દ્વારા જામનગર જેલમાં રહેલા અન્ય એક આરોપી એવા મૂળ ભોગાત ગામના રહીશ રામ નાથાભાઈ ગઢવીની પણ ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી ધરપકડ કરી હતી.

આ દરમિયાન અન્ય એક આરોપી એવા મૂળ મોવાણ ગામના ગઢવી સાજણ રામભાઈ બુચડ પણ પોલીસને હાથ લાગ્યો ન હતો. પરંતુ તેના દ્વારા લેન્ડ ગ્રેબિંગની સ્પેશિયલ કોર્ટમાં આગોતરા જામીન માટેની અરજી કરવામાં આવી હતી. આ અંગે આ પ્રકરણના તપાસનીશ અધિકારી દ્વારા કોર્ટમાં અસરકારક એફિડેવિટ સહિતના વિવિધ મુદ્દાને ધ્યાને લઈ અને કોર્ટે આરોપી સાજણ રામભાઈ ગઢવીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશીને રાહબરી હેઠળ લેન્ડ ગ્રેબિંગનું આ સમગ્ર પ્રકરણ ડીવાયએસપી હિરેન્દ્ર ચૌધરી, એ.એસ.આઈ. શક્તિસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ હરદાસભાઈ ચાવડા સંભાળી રહ્યા છે.

આ પ્રકરણમાં અમદાવાદનો નિલેશ નામનો અન્ય એક શખ્સ પણ હાલ ફરાર છે.

# ખંભાળિયામાં શિક્ષક પાસેથી પૈસા પડાવી લેવાના ગુનામાં બે પોલીસ કર્મચારીઓને બે વર્ષની સજા

## રૂ. ૧૫૦૦ નો દંડ પણ ફટકારતી ખંભાળિયાની અદાલત

જામ ખંભાળિયા, તા. ૧૦: દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ વિસ્તારમાં રાત્રિના સમયે નીકળેલા અહીંના એક શિક્ષકને અટકાવી, બાઈક પર નીકળેલા બે પોલીસ કર્મચારીઓએ બળજબરીપૂર્વક રોકડ રકમ પડાવી લેવાના ગુનામાં અહીંની અદાલતે બન્ને પોલીસ કર્મચારીઓને બે વર્ષની કેદની સજા તથા રોકડ રકમનો દંડ પણ ફટકાર્યો છે.

ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લાના પોલીસબેડામાં અતિ ચર્ચાસ્પદ બની ગયેલા આ પ્રકરણની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના વડત્રા ગામે આવેલી વાડી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈ મોહનભાઈ જોશી ગત એપ્રિલ ૨૦૧૯ માં ખંભાળિયાના નજીકના રામનગર વાડી વિસ્તારમાં આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ વિસ્તાર નજીક વોકિંગ કરવા નીકળ્યા હતા. ત્યારે બાઈક પર ઓફડ્રેસમાં નીકળેલા બે પોલીસ કર્મચારીઓ નિલેશ સુકાભાઈ ગોજીયા અને ભીમશી મુરુભાઈ ગોજીયા નામના બે પોલીસ કોન્સ્ટેબલે અશ્વિનભાઈને અટકાવી, કાયદાનો ડર બતાવી, માર મારીને બળજબરીપૂર્વક રૂપિયા દસ હજાર પડાવી લેવા અંગેની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી.

આ અંગેનો કેસ ખંભાળિયાની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલી જતા આ પ્રકરણમાં સરકારી વકીલ અલ્પેશભાઈ પરમારની દલીલોને ગ્રાહ્ય રાખી, મેજિસ્ટ્રેટ શ્રી ડી.જે. પરમાર દ્વારા ઉપરોક્ત બંને પોલીસ કર્મચારીઓને આઈ.પી.સી. કલમ ૩૮૭ તથા ૧૧૪ ના ગુનામાં તકસીરવાન ઠેરવી પ્રત્યેક આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા ૧૫૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# જામનગર અને જામજોધપુર તાલુકા પંચાયતો માટે એક-એક ઉમેદવારીપત્ર ભરાયું

જામનગર તા. ૧૦: જામનગર જિલ્લા પંચાયત, છ તાલુકા પંચાયત, સિક્કા નગરપાલિકા અને જામજોધપુર નગરપાલિકાની પેટા ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ગઈકાલે તાલુકા પંચાયતની ચૂંટણીમાં બે ઉમેદવારી પત્રો રજૂ થયા હતાં. આ સિવાય કોઈ ફોર્મ રજૂ થયું ન હતું.

જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠક માટેની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારી પત્રો રજૂ કરવાના બીજા દિવસે એક પણ ઉમેદવારી પત્ર રજૂ થયું ન હતું. સિક્કા નગરપાલિકાના ૭ વોર્ડની સામાન્ય ચૂંટણી માટે પણ કોઈ ઉમેદવારી ગઈકાલે નોંધાઈ ન હતી. તેવી જ રીતે જામજોધપુર નગરપાલિકાની પેટા ચૂંટણીમાં પણ કોઈ ફોર્મ રજૂ થયું ન હતું.

જ્યારે જામનગર જિલ્લાની છ તાલુકા પચાયતોમાં કુલ ૧૧૨ બેઠકો માટેની સામાન્ય ચૂંટણીમાં બે ઉમેદવારી પત્રો ભરાયા હતાં. જેમાં જામનગર તાલુકા પંચાયતની ૧૮ બેઠકો, કાલાવડ તાલુકા પંચાયતની ૧૮ બેઠકો, લાલપુર તાલુકા પંચાયતી ૧૬ બેઠકો, જામજોધપુર તાલુકા પંચાયતની ૧૬ બેઠકો, ધ્રોળ તાલુકા પંચાયતની ૧૮ અને જોડિયા તાલુકા પંચાયતની ૨૬ બેઠકોનો સમાવેશ થાય છે. ગઈકાલે બે ફોર્મ રજૂ થયા હતાં તેમાં એક જામનગર અને એક જામજોધપુર તાલુકા પંચાયતમાં ઉમેદવારી ફોર્મનો સમાવેશ થાય છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ફોર્મ ભરવાના ત્રીજા દિવસે વધુ ૨૬ નામાંકન ભરાયા

જામખંભાળિયા, તા. ૧૦: દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાનાર જિલ્લા પંચાયત, જુદી-જુદી ચાર તાલુકા પંચાયત તથા ખંભાળિયા અને રાવલ નગરપાલિકા ઉપરાંત ઓખા અને સલાયાની પેટા ચૂંટણીમાં ફોર્મ ભરવાના આજે ત્રીજા દિવસે વધુ ૨૬ ઉમેદવારીપત્રો ભરાયા છે.

જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં બરડીયા બેઠક માટે એક અને ભાટિયા બેઠક માટે બે ફોર્મ ભરાયા છે.

ખંભાળિયા તાલુકા પંચાયત માટે બજાણા અને આહીર સિંહણ બેઠક માટે એક-એક મળી કુલ બે, કલ્યાણપુર તાલુકા પંચાયત માટે ભાટિયા-૧ માટે બે, ભાટીયા-૨ માટે બે, ભાટીયા-૩ માટે બે, કેનેડી બેઠક માટે બે, અને દેવળીયા બેઠક માટે એક મળી કુલ નવ ફોર્મ ભરાયા છે. ભાણવડ તાલુકા પંચાયતની મેવાસા બેઠક માટે એક નામાંકરણ આજે ભરાયું છે. આમ, ત્રણ તાલુકા પંચાયત માટે કુલ બાર ફોર્મ ભરાયા છે.

ખંભાળિયા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે વોર્ડ નંબર ૨ માં ત્રણ દાવેદારો, વોર્ડ નંબર ત્રણ તથા ચાર માટે એક -એક ફોર્મ અને વોર્ડ નંબર ૫ માટે બે ફોર્મ મળી કુલ સાત ફોર્મ આજે ભરાયા છે. જ્યારે રાવલ નગરપાલિકાની ચૂંટણી માટે વોર્ડ નંબર ૧ના ત્રણ અને વોર્ડ નંબર બે માટે એક ઉમેદવારે પોતાની દાવેદારી નોંધાવી છે.

**ફોર્મ ભરનાર ઉમેદવારોની નામાવલી**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની બરડીયા બેઠક માટે સુમણીયા માકીબાઈ માયાભા અને ભાટિયા બેઠક માટે અરવિંદભાઈ કરશનભાઈ આંબલીયા અને હિરલબેન અરવિંદભાઈ આંબલીયાના ઉમેદવારીપત્રો આજે ભરાયા છે.ખંભાળિયા નગરપાલિકાના વોર્ડ નંબર બે માટે દાઉદ શબીર શેખ, રેશમા હુસેનભાઈ તુર્ક, અને નાગાજણ કયા જામ, વોર્ડ નંબર ત્રણ માટે યાસીન હાસમ ઘાવડા, વોર્ડ નંબર ચાર માટે વત્સલ સુરેશભાઈ ગોંડલીયા વોર્ડ નંબર ૫ માટે વાસંતીદે કુસુમદે નાયક અને રામકૃષ્ણ એન. રાજ્યગુરુએ પોતાના ફોર્મ ભર્યા છે. રાવલ નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માટે ભરતભાઈ સામતભાઈ બારીયા, રામભાઈ સામતભાઈ પરમાર અને તેજલબેન સંજયભાઈ જાદવ તથા વોર્ડ નં. ૨ માટે લાખીબેન ચાનાભાઈ સોલંકીએ આજે પોતાની દાવેદારી નોંધાવી હતી.

# ધ્રોલ નજીક અકસ્માતમાં ઈજા પામેલા યુવાનનું સારવાર દરમિયાન મોત



ધ્રોલ તા.૧૦: ધ્રોલના ખીજડીયા પાસે થોડા દિવસ પહેલા જાલીયાદેવાણી ફાટક પાસે બે ટુ-વ્હીલર્સનું અકસ્માત થયું હતું જેમાં રેલવેમાં નોકરી કરતા બળવંત દેવાભાઈ રાઠોડ ઉં.વ.૪૨ વર્ષનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

મળતી વિગતો મુજબ ત્રણ પખવડિયા પહેલા બળવત દેવાભાઈ રાઠોડ ઘરેથી પોતાની ભેંસ માટે ચારો લેવા જતા હતા.તેમની બાઈક જી.જે.૩.એસી. ૪૬૦૪ ટુ-વ્હીલર્સ લઈ અને જતા હતા દરમિયાન જાલીયા ફાટક પાસે અકસ્માત થયો જેમાં સામે બાઈક જી.જે૦૧.સી.એન.૮૨૦૪ ટુ-વ્હીલર ચાલક ભોલાભાઈ પરસોતમ આદ્રોજીયા પુર ઝડપે આવતા સામે બાઈક અથડાતા અકસ્માત થયો જેમા બળવતભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા અને તેમનું મૃત્યુ થયું હતું. ધ્રોલ પોલીસમાં ફરિયાદ નોંધાઈ આગળની કાર્યવાહી ધ્રોલ પોલીસ હાથ ધરી છે.

# જામનગરમાં બૌધિસત્વ ફાઉન્ડેશન દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયોઃ ૧૨૩ દર્દીઓએ લીધો લાભ



જામનગર તા. ૧૦: બૌધિસત્વ ફાઉન્ડેશન દ્વારા ત્યાગમૂર્તિ માતા રમાબાઈની જન્મ જયંતી નિમિત્તે હાપાના જવાહરનગર વિસ્તારમાં સર્વરોગ નિદાન માટે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દે માતા રમાબાઈના જીવન સંઘર્ષથી બહેનોને પરિચીત કરાવી બહેનોને પ્રેરણા આપી આર્થિક રીતે નબળા લોકોને આરોગ્ય વિષયક સેવા આપવા માટેનો હતો. મેડિકલ કેમ્પમાં ડો. ગીતા ધ્રુવ, ડો. કિશોર મકવાણા, ડો. વાઢેર, ખીમજીભાઈ ભાંભી તથા વિજયભાઈ વાનખડેએ સેવા આપી હતી. કુલ ૧૨૩ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પના મુખ્ય મહેમાન તરીકે બૌધિસત્વ ફાઉન્ડેશનના ટ્રસ્ટી દિવ્યાબેન રાઠોડ, હિનાબેન ઝાલા, એમ.એમ. બોચિયા (આઈટીઆઈના પ્રિન્સિપાલ-જામનગર), રમેશ જેપાર, હરિલાલ, હેમંત ધ્રુવ, બૌધ્ધ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આ કેમ્પનું સંચાલન હર્ષદભાઈ ગોહિલે કર્યું હતું.

# દ્વારકામાં મહિલા સંચાલિત, મહિલાઓ માટેનો જુગાર અખાડો ઝડપાયોઃ આઠ મહિલાઓની અટકાયત

જામ ખંભાળિયા, તા. ૧૦: દેવભૂમિ દ્વારકામાં સ્થાનિક પોલીસે ગત સાંજે એક મહિલાના રહેણાક મકાનમાં દરોડો પાડી આ સ્થળે તેણી દ્વારા અન્ય જુગારી મહિલાઓને સુખ સુવિધા પૂરી પાડીને રમાતા જુગારના અખાડામાં કુલ આઠ મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી.

આ અંગેની વિગત મુજબ દ્વારકાના ગરબી ચોક વિસ્તારમાં બીરલા પ્લોટ ખાતે રહેતા કિરણબેન વિજયભાઈ રાજાણી નામના ૫૦ વર્ષીય મહિલા દ્વારા તેમના પુત્રી અંકિતાબેનને સાથે રાખીને પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં પોતાના અંગત આર્થિક ફાયદા માટે બહારથી મહિલાઓ બોલાવી અને ચલાવતા જુગારના અખાડા પર ચોક્ક્સ બાતમીના આધારે ગઈકાલે મંગળવારે સાંજે સ્થાનિક પોલીસ ત્રાટકી હતી.

આ સ્થળે ગંજીપત્તા વડે તીનપત્તી નામનો જુગાર રમી રહેલા મીનાબેન રમેશભાઈ પાઢ, રમાબેન ભીખુભાઈ ગોસાઈ, મૈયાબેન હરીશભાઈ ભાયાણી, અનસોયાબેન અનિરૂધ્ધભાઈ વાયડા, પ્રજ્ઞાબેન લક્ષ્મીકાંત પંડ્યા અને કંચનબેન નારણભાઈ મકવાણા નામના કુલ આઠ મહિલાઓની અટક કરવામાં આવી હતી. આ સ્થળેથી પોલીસે રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૩૮,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી અને જુગારધારાની કલમ મુજબ ધોરણસર કાર્યવાહી કરી હતી.

# જામનગરમાં દારૂની બોટલો સાથે બે શખ્સ ઝડપાયા

## પંચવટી અને મયુર ટાઉનશિપ પાસે પોલીસ દ્વારા કાર્યવાહી

જામનગર તા.૧૦: જામનગરના પંચવટી વિસ્તારમાંથી એક શખ્સને દારૂની ૩ બોટલ સાથે જ્યારે મયુર ટાઉનશિપ વિસ્તારમાં એક શખ્સને ૨૦૦ એમએલ શરાબ સાથે પકડી લીધો હતો.

જામનગરના ધરાનગર ૨ માં રહેતા હિતેન્દ્રસિંહ ઉર્ફે હરિયો નાનભા જાડેજા નામના શખ્સને અંગ્રેજી શરાબની ત્રણ બોટલ લઈને પંચવટી એનસીસી જુની ઓફિસ પાસેથી જાહેરમાં નીકળતા પોલીસે પકડી લીધો હતો.

જામનગરના મારુ કંસારા સામે ન્યુ નવાનગર સોસાયટી, મયુર ટાઉનશિપ પાસે રહેતા અને મૂળ દ્વારકા જિલ્લાના નાગેશ્વર ગામનો વતની સોમભા ઉર્ફે સુનિલ વરજાંગભા ઉર્ફે અતુલ સોમણીયા નામના શખ્સને આશરે ૨૦૦ એમએલ વિદેશી દારૂ સાથે પોલીસે પકડી લીધો હતો.

# પટેલ કોલોનીમાં છરી સાથે ડોન ઝડપાયો

જામનગર તા.૧૦: જામનગરના પટેલ કોલોની શેરી નંબર ૯ ના છેડે આવેલ શાંતિ નગર શેરી નંબર ૭ માં રહેતા નામીચો શખ્સ દિવ્યરાજસિંહ ઉર્ફે દિવલો ડોન મંગળસિંહ ચૌહાણને પટેલ કોલોની રોડ પરથી પોલીસે છરી સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# જામનગરના મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ૧૪૪ લાગુ

જામનગર તા. ૧૦: ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૧-૨ અને તા. ૨૮-૨ના રોજ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વરાજ્યના એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવેલ છે. જે અન્વયે જામનગર જિલ્લાના મહાનગરપાલિકા વિસ્તારમાં, જિલ્લા-તાલુકા પંચાયત મતદાર મંડળ વિસ્તારમાં, સિક્કા નગરપાલિકા વિસ્તાર તથા જામજોધપુર નગરપાલિકાના વોર્ડ નં.૭ના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા લાગુ પડેલી છે. આ ચૂંટણીમાં મતદાન શાંતિપૂર્ણ યોજાય અને કાયદો વ્યવસ્થા જળવાય તે માટે જામનગર જિલ્લાના તમામ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે નક્કી કરવામાં આવેલ મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા.૨૧-૨ તથા તા.૨૮-૨ના સવારના ૭ થી સાંજના ૬ કલાક સુધી ચાર કરતા વધારે વ્યક્તિઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી અને એકઠા થવુ નહી તેમ જામનગરના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રાજેન્દ્ર સરવૈયા દ્વારા એક જાહેરનામા દ્વારા જણાવાયું છે.

આ જાહેરનામું સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યક્તિઓને, ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, સી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ,કસ્ટમ, સેન્ટ્રલ એક્સાઈઝ, એન.સી.સી. વગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યક્તિઓને, લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રાને, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૧ માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ(ક્યુ)ને, પોલીસ અધિક્ષક અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારએ અને જિલ્લા ચૂંટણી અધિકારી અગર મદદનીશ ચૂંટણી અધિકારી અગર સંબંધિત તાલુકા મામલતદારે અધિકૃત કરેલ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનારને આઈપીસીની કલમ-૧૮૮ મુજબ સજા થશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રાજેન્દ્ર સરવૈયાની યાદીમાં જણાવાયું છે.

# વાઘોડિયાના ધારાસભ્યએ પત્રકારને ધમકી આપતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના પત્રકારો લાલઘૂમ

## જિલ્લા પોલીસ વડાને આવેદન પાઠવી પગલાં લેવા માંગ કરાઈ

જામ ખંભાળિયા, તા. ૧૦: વડોદરા જિલ્લાના વાઘોડિયા વિસ્તારના ધારાસભ્ય દ્વારા તાજેતરમાં એક પત્રકારને જાહેરમાં મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવો બનવા પામ્યો હતો. આ બનાવના સમગ્ર રાજ્યની સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. લોકશાહીના આધારસ્તંભ એવા ચોથી જાગીર સમાન પત્રકારને ધારાસભ્ય દ્વારા ધમકી આપવાના આ ગંભીર બનાવ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પત્રકારો દ્વારા આજરોજ અહીંના જિલ્લા પોલીસ વડાને સંબોધીને એક લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ બનાવમાં જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પોલીસ અધિકારી સમક્ષ કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

### ખંભાળિયાના જાણીતા તબીબ ડો. નિરવ રાયમગીયાના દાદીમાંનું અવસાન

જામ ખંભાળિયાઃ ગં.સ્વ. પુષ્પાબેન પરસોત્તમભાઈ રાયમગીયા (ઉ.વ. ૯૨) તે મુકુંદભાઈ, પ્રદીપભાઈ, મયુરભાઈ (એલ.આઈ.સી.- રાજકોટ), અને મનીષભાઈના માતુશ્રી તથા નીરવભાઈ (શ્રી ક્રિષ્ના આંખની હોસ્પિટલ-ખંભાળિયા), વિશાલ, જીગર, દીપ, અને પાર્થના દાદીમાં તારીખ ૮મી ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈને સદગતનું ટેલિફોનિક બેસણું તથા પ્રાર્થનાસભા ગુરૂવાર તારીખ ૧૧ ના રોજ સાંજે ચારથી પાંચ રાખવામાં આવેલ છે. મુકુંદભાઈ (મો. ૯૯૨૪૨૩૩૫૧૮), પ્રદીપભાઈ (મો. ૭૬૦૦૭૩૯૯૪૩), મયુરભાઈ (મો. ૭૯૮૪૨૭૦૪૦૫), મનીષભાઈ (મો. ૭૦૪૧૭૨૩૬૮૫), ડો. નિરવ (મો. ૭૦૧૬૨૩૨૨૩૯).




જોડિયાઃ ગોસાઈ મગનપુરી મહાદેવગીરી (ઉ.વ.૮૯) મહંત હટકેશ્વર મહાદેવ મંદિર, પૂર્વ પ્રમુખ દશનામ ગોસ્વામી સમાજ જોડિયા તે રાજુપુરી, હેમતપુરી, દિનેશપુરીના પિતાનું તા.૯ના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૧ને ગુરૂવારે સાંજે ૪ થી ૫ તેમના નિવાસસ્થાન હટકેશ્વર મહાદેવ મંદિર જોડિયા ખાતે રાખેલ છે.

# તાડના ઝાડને નાશ કરતી પ્રવૃતિ કોણ કરે છે?

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ, તા.૧૦

ગુજરાતમાં ઉના દિવ પંથકમાં તાડ નામના વિશાળ ઝાડ આવેલ હોય આ વૃક્ષને દિનપ્રતિદીન મૂળમાં આગ લગાડી કાયમી માટે નાસ કરવાની પ્રવૃતિ થતાં પ્રકૃતિ પ્રેમીઓમાં ચિંતાનો વિષય બની રહ્યો છે. ઉના થી દિવ સુધીના માર્ગો પર તાડના ઝાડ પથરાયેલા છે. આ ઝાડ લાંબા વર્ષો સુધી નાશ પામતુ ન હોય મૂળથી પ્રવૃતિ ગણાતા આ ઝાડ કાપવા વન્યવિભાગની મંજૂરી મળતી ન હોય જેથી ઝાડને મૂળના ભાગે આગ લગાડી ખત્મ કરવાની પ્રવૃતિ સામે જવાબદાર તંત્રના અધિકારી પગલા લેશે ખરા. ? ત્યારે ઉના શહેરમાંથી પસાર થતા વરસીંગપુર રોડ પર આવેલ જલારામ વાડી સામે રસ્તા પરજ તાડનું સુકુ ઝાડ ઉભુ છે. આ તાડ ના થડ પાસે કોઈ અજાણ્યા વ્યક્તિઓએ કચરો સળગાવતા તાડના મૂળ બળી ખાખ થઈ ગયેલ છે. અને તાડ માત્ર સામાન્ય ટેકા પર ઉભો હોય રસ્તા પરથી મોટાભાગના વાહનનોની અવર જવર થતી હોય છે. ત્યારે તાડ ગમે ત્યારે ધરાશાઈ થાઈ તેવી સ્થિતીમાં ઉભો છે. કોઈ જાનહાની થાઈ તો જવાબદાર કોણ તેવા સવાલો વાહન ચાલકોમાં ઉઠવા પામેલ છે.



# પોરબંદરમાં મતદારો પંજાના પડખે કે ભાજપની ભેગા?

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૦

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જાહેર થઈ ગઈ છે અને જીલ્લા, તાલુકા પંચાયત અને નગરપાલિકા તથા મહાનગરપાલીકાની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે અરબી સમુદ્રના કિનારે વસેલા પોરબંદર જીલ્લામાં પણ વહીવટીતંત્ર સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની તૈયારીઓમાં વ્યસ્ત છે. રાજકીય પક્ષો પણ મતદારોને રીઝવવા માટે તનતોડ પ્રયત્નો કરશે. પોરબંદર જિલ્લા પંચાયતની ચુંટણી ૨૮ ફેબ્રુઆરીએ યોજાશે જેમાં મતદારો કોંગ્રેસના પંજાને સાથ આપશે કે, ભાજપનું કમળ વધુ એક વખત ખીલવશે તે અંગે મતદારોનું મૌન રાજકીય પક્ષોને પણ અકળાવે છે. ઈ.સ. ૧૯૯૭માં જુનાગઢ થી અલગ થયા બાદ ૨ ઓકટોબર ૧૯૯૭ ના પોરબંદરને જિલ્લાનો દરજજો એ વખત ના રાજયના મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પ્રયત્નો થી મળ્યો હતો. પોરબંદર જિલ્લો વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ ખુબ નાનો છે. જેમાં શઆતથી જ ભાજપનું વર્ચસ્વ જળવાય રહ્યું છે અને અત્યારે ૨૦૨૧માં પણ અત્ર-તત્ર-સર્વત્ર ભાજપનો ભગવો લહેરાય રહ્યો છે. છેલ્લા અઢી દાયકાથી જે રીતે ગુજરાતમાં ભાજપનું શાસન જળવાય રહ્યું છે, એ જ રીતે પોરબંદર જિલ્લામાં પણ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ભાજપનું શાસન યથાવત રહ્યું છે. પોરબંદર જિલ્લા પંચાયતની વર્તમાન રાજકીય સ્થિતી વિશે જોઈએ તો કહી શકાય કે જિલ્લામાં ભાજપ દ્વારા વિકાસકામોની હારમાળા સર્જી દેવા માં આવી હોવાથી ભાજપને આગામી ચુંટણી માં પણ કોઈ ખાસ પરીબળો અસ્તિત્વમાં આવે તે સિવાય વાંધો આવે તેમ નથી. છેલ્લા પાંચ વર્ષમાં પોરબંદર જિલ્લા પંચાયતમાં અઢી-અઢી વર્ષ પ્રમુખ તરીકે રમેશભાઇ ઓડેદરા (પટેલ) અને નિલેષભાઇ મોરીએ સેવા આપી છે અને તેઓ બન્ને ભાજપના અગ્રણીઓ છે. આથી સ્વભાવિક રીતે જ પોરબંદર જિલ્લાને ભાજપના સુશાસનનો લાભ મળ્યો છે. હાલના રાજકીય સમીકરણો જોતા કહી શકાય કે મતદારો શાણા છે અને ઘરે મત માંગવા આવતા ગમે તે રાજકીય પક્ષના આગેવાનો હશે તેમને 'ના' કહેશે નહીં. 'મારો મત, મારા પરિવારનો મત અને આજુબાજુના જાણીતા લોકોના મત તમારામાં જ પડાવીશ' તેમ કહીને ઉમેદવારોને નિરાશ કરશે નહીં! જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ સિવાય અન્ય ત્રીજા કોઈ પક્ષનું અસ્તિત્વ નથી તેથી આ બન્ને પક્ષ વચ્ચે ચુંટણીનો જંગ જામશે. પોરબંદર જિલ્લા પંચાયતમાં લાંબા સમયથી ભાજપનું શાસન છે, રાજય અને રાષ્ટ્રીય લેવલે પણ ભાજપ તરફી રાજકીય પ્રવાહો વહે છે જેનો લાભ પોરબંદરને પણ મળ્યો છે. પોરબંદરમાં ભાજપના ધારાસભ્ય બાબુભાઇ બોખીરીયાના નેતૃત્વમાં જિલ્લાએ અને ભાજપપક્ષે સારી એવી પ્રગતિ કરી છે. જિલ્લામાં વિકાસકામોની હારમાળા સર્જી દેવામાં આવી છે પરંતુ હજુ ઘણુ ખુટતું હોય તેવું મતદારો અનુભવી રહ્યા છે. જેમાં જિલ્લાની જુદી-જુદી સમસ્યાઓનો સર્વે કરવામાં આવે તો ચોકકસપણે કહી શકાય કે, હજુ વિજળી, આરોગ્ય અને શિક્ષણને લગતા અનેક પ્રશ્નો એવા છે કે જેનું નિરાકરણ થઈ શકયું નથી. પોરબંદર જિલ્લામાં બે વિધાનસભા સીટ આવેલી છે. જેમાં પોરબંદર વિધાનસભા સીટ પર ભાજપનું સામ્રાજય છે તો રાણાવાવ-કુતિયાણા વિધાનસભા સીટ પર છેલ્લી ત્રણ ટર્મ થી એનસીપીનું શાસન છે. પોરબંદર જિલ્લો બન્યા પછી બે વિસ્તારોના વિકાસમાં રાજકીય કે અન્ય કોઈ કારણોસર ખુબ મોટો ભેદભાવ દાખવવામાં આવ્યોછે તેવું મતદારો માને છે. પોરબંદરના બરડા પંથકના ગામડાઓનો જે રીતે વિકાસ થયો તેની સરખામણીએ ઘેડ પંથકના ગામડાઓનો પ્રમાણમાં ખુબ ઓછો વિકાસ થયો ગણાવી શકાય છે. બરડા પંથકના ધરતીપુત્રોની સમૃદ્ધિ ઉડીને આંખે વળગે તેવી છે. તેની સરખામણીએ ઘેડ પંથકના ખેડૂતોને પુરતો લાભ મળ્યો નહીં હોવાથી બરડા પંથકના ખેડૂતોના પ્રમાણમાં આર્થીક રીતે ખુબ પાછળ છે તેના માટે રાજકીય કારણો ઉપરાંત ભૌગોલિક કારણો પણ અમુક અંશે જવાબદાર છે. પોરબંદર જિલ્લાના ઘેડ પંથકમાં લોકોની અનેક સમસ્યાઓ વર્ષોથી પડતર છે અને તેનું નિરાકરણ આવતું નથી.ઘેડ પંથકની મુખ્ય સમસ્યાઓમાં સૌથી મહત્વની ગણાવી શકાય તેવી સમસ્યા સિંચાઈની છે.

# વાંકાનેર ચૂંટણીમાં મંગળવારે વધુ ૬૯ ફોર્મ ઉપડ્યા, એક ઉમેદવારે ફોર્મ રજૂ કર્યું

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૦

હાલ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે બરોબર માહોલ જામ્યો છે ત્યારે ઉમેદવારોએ પણ પોતાની દાવેદારી મજબૂત કરવા કમર કસી છે. આ વચ્ચે મંગળવારે ફોર્મ ઉપાડવા-ભરવાના બીજા દિવસે વાંકાનેર નગરપાલિકા, તાલુકા પંચાયત અને મોરબી જિલ્લા પંચાયતની ચૂંટણી માટે વધુ ૬૯ જેટલા ચુંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના ફોર્મ ઉપાડ્યા છે અને આ સાથે જ એક ઉમેદવારે પોતાનું ફોર્મ રજૂ કર્યું છે. ફોર્મ ઉપાડવા-ભરવાના બીજા દિવસે વાંકાનેર પ્રાંત કચેરી ખાતેથી વાંકાનેર નગરપાલિકાની ૨૮ બેઠકો માટે વધુ ૧૨ ઉમેદવારોએ ફોર્મ ઉપાડ્યા છે. જ્યારે વાંકાનેર તાલુકા પંચાયતની ૨૪ સીટો માટે મામલતદાર કચેરી ખાતેથી ૧૭ અને તાલુકા પંચાયત કચેરી ખાતેથી ૨૪ એમ કુલ ૪૧ જેટલા ઉમેદવારોએ ફોર્મ ઉપાડ્યા છે. આવી જ રીતે મોરબી જીલ્લા પંચાયત હેઠળ વાંકાનેર તાલુકાની કુલ છ બેઠકો માટે ૧૬ ઉમેદવારોએ ફોર્મ ઉપાડ્યા છે. આ સાથે જ વાંકાનેર તાલુકા પંચાયત હેઠળની લુણસર બેઠક પરથી કિરીટભાઈ નાનજીભાઈ વસીયાણી નામના ઉમેદવારે પોતાનું ફોર્મ રજૂ કર્યું છે. જેમ જેમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતમાં ચુંટણી રાજકારણ ગરમાઈ રહ્યું છે. જેની અસર વાંકાનેર વિસ્તારમાં પણ દેખાવાની શરૂ થઈ ચૂકી છે. વાંકાનેર નગરપાલિકામાં વોર્ડ વાઈઝ, તાલુકા- પંચાયત જિલ્લા પંચાયત માટે ગામડે ગામડે પક્ષો અને ઉમેદવારોએ સભાઓ શરૂ કરી દીધી છે.

# વેરાવળ KSC મેદાનમાં જય સોમનાથ કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

વેરાવળમાં દ્રજીઝ ક્રિકેટ ગ્રાઉન્ડ માં જય સોમનાથ કપ નું ભવ્ય આયોજન કરેલ જેમાં ૪૮ ટીમો એ ભાગ લીધો હતો એમાં ફાઈનલ મા મગરા અને. ફેનીલ ટીમ પહોંચી હતી ફાઈનલના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ના ડાયરેક્ટર કિશોરભાઈ કુહાડા તેમજ વેરાવળ સમસ્ત ખારવા સમાજના ના પટેલ જીતુભાઈ કુહાડા ગીર સોમનાથ જિલ્લા. ম্নઁ ના ઉપપ્રમુખ ધનસુખભાઈ કુહાડા બોટ એસ્સોસીઓન ના પ્રમુખ ગોપાલભાઈ ફોફંડી પૃથ્વી ભાઈ ફોફંડી પટેલ સમાજના પટેલ કેતનભાઈ પટેલ રસિકભાઈ પટેલ પોલીસ સ્ટાફ ના ગીરીબાપુ વિમલભાઈ ફોફંડી મુખ્ય મહેમાન હતા આ ફાઈનલ મેચમાં



મગરા ટીમ આ ૧૦ ઓવર માં ૧૩૪ રન બનાવેલ હતા જીત માટે ફેનિલ ટીમ ને ૧૩૫ રન કરવા માટે નો જંગી લશ્ય આપેલો હતી પરંતુ ફેનિલ્ માત્ર ૮૫ રન બનાવી ધરાશાઈ થઈ ગઈ હતી અને મગરા ટીમ વિજય બની હતી જેમાં આ આખા મેચમાં કિશોરભાઈ કુહાડા તથા જીતુભાઈ કુહાડા બધા છોકરાઓને ઉત્સાહિત કરવા માટે ૨ કલાક સુધી હાજરી આપી હતી ને વીનર્સ તેમજ રનર્સ-અપને ટ્રોફી આપીને સન્માનિત કાયરા હતા વીનર્સ ટીમના કેપ્ટન કમલેશ કુહાડાને વિનર્સ ટ્રોફી આપી હતી મેન ઓફ ધ મેચ ભરત ડાબેરી મેન ઓફ ધ સિરીઝ નેમિશ મલમાડી બેસ્ટ બોલર પોલાદ અને બેસ્ટ બેસ્ટ મેન હર્ષ રાઠોડ અને બધા મેચના મેન ઓફ ધ મેચ અપવમાં આયવા હતા આયોજક અજય વરિદુમ તેમજ તેમના મિત્રો મંડર દ્વારા આયોજન કરેલ.

# બોટાદ કસ્ટડીના મૃત્યુ અંગે કલેક્ટર બોટાદને આવેદન પાઠવ્યુ

ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૦

મુન્દ્રા સમાઘોઘા ગામે ચોરીના કેસમાં પૂછપરછ માટે ચારણ સમાજના ત્રણ યુવાનોને પોલીસ લઈ ગયા બાદ તેને માર મારવામાં આવતા બે યુવાનોના મૃત્યુ થયા છે જ્યારે એક યુવાન સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે આમ બે યુવાનોના કસ્ટોડિયલ ડેથ થયા સમગ્ર ગુજરાતમાં ચાર રતા ગઢવી સમાજમાં તેના ઘેરા પડઘા પડયા છે ત્યારે આજરોજ માં ગઢવી તથા ચારણ સમાજ દ્વારાબોટાદ કલેક્ટર તથા ડીડીઓ ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું તેઓના જણાવ્યા અનુસાર આ કાર્યમાં જે કોઈપણ પોલીસ કર્મી સામેલ હોય તેની ઉપર કાર્યવાહી કરી મરણ જનાર



ચારણ સમાજના યુવાનોને ન્યાય આપવા વિનંતી કરવામાં આવી છે. આ ચારણ સમાજના યુવાનોના થયેલ કસ્ટોડિયલ ડેથ માટે ચારણ સમાજ તો રોષમા છે જ પરંતુ બોટાદમાં સૂર્ય સેના તથા કરણી સેના ના યુવાનોએ પણ ચારણ ગઢવી સમાજ ને સમર્થન આપવામાં આવેલ છે તેઓના જણાવ્યા અનુસાર આ ચારણ સમાજના યુવાનોને તાકીદે ન્યાય આપવામાં આવે તેવી માગણી કરતું તેઓએ પણ આવેદનપત્ર ગઢવી તથા ચારણ સમાજ ના સમર્થનમાં પાઠવવામાં આવ્યું હતું.

# પોરબંદર-છાયા ચૂંટણીના ઉમેદવારો જાહેર કરવામાં વિલંબ... વિલંબ... વિલંબ...

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૦

સૌરાષ્ટ્રની મોટાભાગની નગરપાલિકાઓમાં અને મહાનગરપાલિકામાં ભાજપના ઉમેદવાર જાહેર થઈ રહ્યા છે, પરંતુ સૌરાષ્ટ્રની ખૂબ મહત્વની માનવામાં આવે છે એવી પોરબંદર-છાંયા સંયુક્ત નગરપાલિકાની બાવન બેઠકમાં કોને ટિકીટ આપવી અને કોને નહીં ? એ સસ્પેન્સ વચ્ચે એવું જાણવા મળ્યું છે કે પોરબંદર ભા.જ.પ. માં તોફાન પહેલાની શાંતિનું વાતાવરણ હોય તેમ જણાઈ રહ્યું છે.તો કોંગ્રેસે પણ હજુ સુધી ઉમેદવારો જાહેર નહીં કરતા નામો જાહેર કરવામાં બન્ને પક્ષો વિલંબ કરી રહ્યા છે. બે દી' પૂર્વે ચેમ્બર પ્રમુખ જીજ્ઞેશ કારીયાએ ભાજપમાં બબ્બે વોર્ડમાંથી ચૂંટણી લડવાની તૈયારી બતાવ્યા બાદ અચાનક જ ગઈકાલે તેમણે પોતાની દાવેદારી પાછી ખેંચી લીધી છે. તેમના મોટાભાઈ સરજુ કારીયા પણ સુધરાઈ સભ્ય તરીકેના દાવેદાર છે તેથી એક જ ઘરમાંથી બે વ્યક્તિઓને ટિકીટ આપી શકાય નહીં તેવી ભા.જ.પ. ના જ આગેવાનોએ વિરોધ સાથે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી હોવાની ચર્ચાચાલી રહી છે. ત્યારે નગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારો જાહેર કરવામાં ભાજપ ખૂબ જ વિલંબ કરી રહ્યું છે. કેમ કે ૩૯૮ મુરતીયાઓને લડી લેવું છે તેથી તેમાંથી માત્ર બાવન લોકોને જ ટિકીટ મળવાની છે. ત્યારે ભાજપમાં તોફાન પહેલાની શાંતિની પરિસ્થિતિ ચાલી રહી છે. ગઈકાલે સાંજ સુધીમાં ઉમેદવારોના નામ જાહેર થવાના હતા પરંતુ ત્યારબાદ બુધવારે સવારે ૧૧:૧૧ મિનીટે ઉમેદવાર જાહેર થશે તેવું જણાવાયું હતું. પરંતુ ટિકીટ ફાળવણીનું કોકડું હજુ ગુંચવાયું હોય તેમ હવે સાંજ સુધીમાં નામ જાહેર કરવામાં આવશે તેવી ચર્ચઓ ચાલી રહી છે. બીજી બાજુ કોંગ્રેસ પણ ફૂંકી ફૂંકીને છાશ પી રહી હોય તેમ ભાજપના ઉમેદવારોની યાદી જાહેર થાય પછી પોતાના ઉમેદવારો જાહેર કરશે. કેમ કે ભાજપમાં ૩૯૮ માંથી ૫૨ ને જ ટિકીટ મળવાની છે. માટે બાકીના ૩૪૬ ને ટિકીટ મળવાની જ નથી. તેમાંથી કોઈ મજબુત અને સબળ ઉમેદવાર હોય અને કોંગ્રેસમાં ભળવા તૈયાર હોય તો કોંગ્રેસ હોંશે હોંશે તેમને ટિકીટ ફાળવી દે તેવી ચર્ચઓચાલી રહી છે. અને તેથી જ કોંગ્રેસ પોતાનો દાવો પછી જ ખેલે તેવું જણાઈ રહ્યું છે.

# પોરબંદરમાં દિવ્યાંગોને દર મહિને ૧ હજારની સહાય ચૂકવવામાં આવશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૦

પોરબંદરમાં મંદબુધ્ધિ ધરાવતા દિવ્યાંગજનોને દર મહિને ૧ હજારની પેન્શનરૂપી સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે, જેના માટે પોરબંદરની ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ ખાતે ફોર્મ ભરવા અપીલ કરવામાં આવી છે. વાઘેશ્વરી પ્લોટ વિસ્તારમાં કાર્યરત ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ સંસ્થાના સેક્રેટરી કમલેશભાઈ ખોખરીએ જણાવ્યું છે કે, ગુજરાત સરકાર તરફથી બૌધીક અસમર્થતા(મંદબુધ્ધિ) ધરાવતા શહેરના દિવ્યાંગજનો કે જેની ઉંમર ૦ થી ૭૯ વર્ષ સુધીની હોય અને તેઓ ૮૦% કે તેથી વધારેનું ડોક્ટરી સર્ટીફીકેટ ધરાવતા હોય તેવા તમામ દિવ્યાંગજનોને આ સરકારી યોજના મુજબ ૧ હજારની પેન્શનરૂપી સહાય દર મહિને મળવાપાત્ર થાય છે, ઉપરાંત આ યોજના મુજબની સહાય મેળવવા માટે આવકની કોઈ મર્યાદાને ધ્યાને લેવામાં આવશે નહી, એટલે કે આવકના દાખલાની કોઈ જરૂરીયા રહેતી નથી તેમજ ম্ন কে ছঁ কোઈપણ પ્રકારનું રાશન કાર્ડ હશે તો આ યોજના મુજબ સહાય મળવાપાત્ર છે. વધુમાં સંસ્થાના કમલેશભાઈ ખોખરીએ મંદબુધ્ધિ ધરાવતા દિવ્યાંગજનોના વાલીઓને અપીલ કરી જણાવ્યુ હતુ કે ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ ખાતેથી આ સરકારી યોજનાનું ફોર્મ મેળવી, જરૂરી એવા દસ્તાવેજો જેવા કે રહેઠાણનો પુરાવો (આધારકાર્ડ, લાઈટબીલ, ચુંટણીકાર્ડ, ગમેતે એકની ઝેરોક્ષ), જન્મ તારીખનો દાખલો (સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ), સીવીલ સર્જનના તારીખનો દાખલો (સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ), સીવીલ સર્જનના દિવ્યાંગતાના પ્રમાણપત્રની ઝેરોક્ષ, બેંક પાસબુકના પહેલા પાનાની ઝેરોક્ષ, આધારકાર્ડની ઝેરોક્ષ, યુઆઈડી કાર્ડની ઝેરોક્ષ (જો હોય તો), રેશનકાર્ડની ઝેરોક્ષ, પાસપોર્ટ સાઈઝનો ફોટો-૧ જેવા દસ્તાવેજો સાથે રાખીને આ યોજનાનું ફોર્મ ભરી શકાશે. શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુકુળ, વાઘેશ્વરી પ્લોટ, પોરબંદર ખાતે રવિવાર કે રજા સિવાયના દિવસોએ બપોરના ૧૨:૦૦ થી ૩:૦૦ દરમ્યાન આ યોજનાના ફોર્મ ભરી આપવામાં આવશે.

# માળીયા પંચાયતના કોંગી ઉમેદવાર બારડ શુક્રવારે ઉમેદવારી પત્ર ભરશે

**ઉચ્ચ અભ્યાસ અને આગવી સૂઝબૂઝ ધરાવતા મહિલા ઉમેદવારને દરેક સમાજો દ્વારા અપાઈ રહેલું સમર્થન**

ચક્રવાત ટીમ રાજકોટ તા.૧૦

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં બ્યુગલ વાગી ગયા છે અને કોંગ્રેસ - ભાજપ દ્વારા પોતપોતાના ઉમેદવારો પસંદ કરવામાં તનતોડ મહેનત કરી રહ્યા છે ત્યારે માળીયા (હા.) તાલુકા પંચાયત ની બાબરા બેઠક માટે કોંગ્રેસના યુવા મહિલા ઉમેદવાર જ્યોત્સનાબેન વિજયભાઈ બારડ શુક્રવારે ફોર્મ ભરી ચૂંટણીના શ્રી ગણેશ કરશે, જ્યોત્સનાબેન એ ઉચ્ચ અભ્યાસ કરેલો છે અને દરેક સમાજો માં પણ સારી એવી લોક ચાહના ધરાવે છે જેના કારણે દરેક સમાજના લોકો દ્વારા તેમને ભરપૂર સમર્થન આપવામાં આવી રહ્યું છે

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના મહિલા ઉમેદવાર જ્યોત્સનાબેન ના પતિ વિજયભાઈ બારડ એલએલબી એમબીએ સુધીનો ઉચ્ચ અભ્યાસ ધરાવે છે અને કોંગ્રેસમાં જૂનાગઢ જિલ્લાના મહામંત્રી તરીકે ની સેવા આપે છે અને કાત્રાસા ગ્રામપંચાયત માં સભ્ય તરીકે રહીને છેલ્લા ૪ વર્ષમાં અંદાજે ૨ કરોડ જેટલી માતબર રકમની ગ્રાન્ટ લઈ આવીને ગામના વિકાસમાં નોંધ પાત્ર પ્રદાન કરેલું છે.

# પોરબંદર ખાતે જવાહર નવોદય વિધાલયામાં પ્રવેશ મેળવવા અંગેની પરીક્ષા તારીખ ૨૪ના યોજાશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૦

નવોદય વિધાલય સમિતિ દ્વારા ચલાવાતી જવાહર નવોદય વિધાલયોની વર્ષ–૨૦૨૧-૨૨ માટે ધોરણ-૯માં પ્રવેશ મેળવવા માટેની પસંદગી પરીક્ષા તારીખ ૨૪-૦૨-૨૦૨૧ને બુધવારનાં રોજ ૧૦.૦૦ કલાકે જવાહર નવોદય વિધાલય પોરબંદરમાં લેવામાં આવશે. પ્રવેશ પરીક્ષા માટેના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટે નવોદય વિધાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in y™u www.nvsadmissionclassnine.in પરથી રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડમાં વિધાર્થીની જન્મતારીખ નાખીને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકાશે જેની દરેક વાલીઓએ નોંધ લેવી તેમ એક યાદીમાં જાણાવાયુ છે.

# બોટાદ કસ્ટડીના મૃત્યુ અંગે કલેક્ટર બોટાદને આવેદન

ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૦

મુન્દ્રા સમાઘોઘા ગામે ચોરીના કેસમાં પૂછપરછ માટે ચારણ સમાજના ત્રણ યુવાનોને પોલીસ લઈ ગયા બાદ તેને માર મારવામાં આવતા બે યુવાનોના મૃત્યુ થયા છે જ્યારે એક યુવાન સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે આમ બે યુવાનોના કસ્ટોડિયલ ડેથ થયા સમગ્ર ગુજરાતમાં ચાર રતા ગઢવી સમાજમાં તેના ઘેરા પડઘા પડયા છે ત્યારે આજરોજ માં ગઢવી તથા ચારણ સમાજ દ્વારાબોટાદ કલેક્ટર તથા ડીડીઓ ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું તેઓના જણાવ્યા અનુસાર આ કાર્યમાં જે કોઈપણ પોલીસ કર્મી સામેલ હોય તેની ઉપર કાર્યવાહી કરી મરણ જનાર ચારણ સમાજના યુવાનોને ન્યાય આપવા વિનંતી કરવામાં આવી છે. આ ચારણ સમાજના યુવાનોના થયેલ કસ્ટોડિયલ ડેથ માટે ચારણ સમાજ તો રોષમા છે જ પરંતુ બોટાદમાં સૂર્ય સેના તથા કરણી સેના ના યુવાનોએ પણ ચારણ ગઢવી સમાજ ને સમર્થન આપવામાં આવેલ છે તેઓના જણાવ્યા અનુસાર આ ચારણ સમાજના યુવાનોને તાકીદે ન્યાય આપવામાં આવે તેવી માગણી કરતું તેઓએ પણ આવેદનપત્ર ગઢવી તથા ચારણ સમાજ ના સમર્થનમાં પાઠવવામાં આવ્યું હતું.

# પોરબંદર પોલીસે લુંગી અને શર્ટ પહેરી આરોપીને તેના ઘરે જઇ દબોચ્યો

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૦

પોરબંદરથી ૧૫ કિલોમીટર દૂર આવેલા ભારવાડા ગામના વાડી વિસ્તારમાં ૨૦૧૮ની સાલમાં પાંચ લાખની કિંમતના સાડા એકવીસ તોલા સોનાના દાગીના અને રોકડ લૂંટી ખેડૂત આધેડ દંપતિને ઘાતકી રીતે માર મારી ચાર શખ્સો નાસી છૂટ્યાના બનાવમાં ગંભીર રીતે ઘવાયેલ આધેડનું મોત નિપજતા ખુનનો ગુન્હો નોંધાયો હતો. આ શખ્સ એમ.પી.નો હોવાનું બહાર આવ્યું હતું આથી પોરબંદર પોલીસે વેશપલ્ટો કરી, મધ્યપ્રદેશ જઈ પરપ્રાંતિય મજુરની જેમ જ લુંગી અને શર્ટ પહેરી આરોપીને દબોચીને પોરબંદર લાવ્યા છે. બનાવની વિગત એવી હતી કે, ભારવાડા ગામે વાડી વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા ભીમાભાઈ નાથાભાઈ મોઢવાડીયા તા. ૧૭/૨/૧૮ના મોડી



રાત્રીના તેમની વાડીના મકાનની બહાર સુતા હતા અને નજીકમાં તેમના પત્ની લાખીબેન પણ હતા. ત્યારે અચાનક ચાર શખ્સો મોઢા ઉપર બુકાની બાંધીને ધસી આવ્યા હતા, અજાણ્યા હિન્દીભાષી જેવા જણાતા ત્રીસેક વર્ષના આ શખ્સોના હાથમાં લાકડી અને ધારીયા જેવા ઘાતક હથીયારો હતા. ઉંઘમાં રહેલા ભીમાભાઈના માથામાં અને શરીરના ભાગે આડેધડ ઘા મારવા લાગતા તેઓ બુમાબુમ કરવા લાગ્યા હતા. તેમના પત્ની લાખીબેન પણ જાગી ગયા હતા. લૂંટના ઈરાદે આવેલા ચાર શખ્સોએ લાખીબેને પહેરેલા તથા રાખેલા સોનાના વેઢલા, ચેન, હાર સહિત સાડા એકવીસ તોલા સોનું સહિત ૪ લાખ ૩૦ હજારના દાગીના ઉપરાંત ૮૦ હજાર પીયાની રોકડ વગેરે લૂંટીને નાસી છૂટ્યા હતા. મોડી રાત્રીના વાડી વિસ્તારમાં બનેલા આ બનાવમાં ઈજાગ્રસ્તોની ચીચીયારી ગુંજી ઉઠી હતી અને ઘવાયેલા દંપતિને સારવાર માટે પોરબંદરની સરકારી ભાવસિંહજી હોસ્પિટલે લાવવામાં આવ્યું હતું, જ્યાં ભીમાભાઈનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું જ્યારે તેમના પત્ની લાખીબેનને ગંભીર હાલતમાં વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. પોરબંદરના બરડાપંથકના ગામડામાં લૂંટ સાથે મર્ડરની આ ઘટનામાં સંડોવાયેલા હુમલાખોરો પરપ્રાંતિય મજુર હોવાની શક્યતા દર્શાવાઈ હતી. કેમ કે તેઓ હુમલો કરવા આવ્યા ત્યારે "વાંગા" તરીકે ઓળખાતા એમ.પી. જેવા રાજ્યના મજુરોની ભાષા બોલતા હતા. તેથી તેઓ મધ્યપ્રદેશ પંથકના અથવા ગોધરીયા મજુરો પણ હોઈ શકે તેવું પોલીસ માની રહી હતી પરંતુ ૩-૩ વર્ષ સુધી તેઓ પોલીસને હાથ આવ્યા ન હતા.

# રાજકોટની સગીરા ગુમ પતો લાગે તો નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવી

ચક્રવાત ટીમ, તા.૧૦

રાજકોટની સગીરા કુમારી ક્રિષ્ના રામાણી ઉ.વ. ૧૫ પોતાના ઘરેથી બે દિવસ પહેલા પુસ્તક લેવા જવાનું કહીને જતી રહેલ છે. કોઈ અગમ્ય કારણોસર ઘર છોડનાર




સગીરાનું લોકેશન આજે સુરત ખાતે સીસીટીવી કેમેરામાં સ્ટ્રેસ થયેલ છે. ઘર છોડતી વખતે સગીરાએ લાલ કલરનું ટી-શર્ટ અને બ્લેક જેકેટ પહેરલ હતું. તસવીરમાં જોવા મળતી સગીરા કોઈને જોવા મળે તો પોતાના નજીકના પોલીસ સ્ટેશનમાં તુરંત જાણ કરે અથવા મો. નં. ૬૩૫૨૨૦૮૮૧૨ ઉપર તેમના વાલીને જાણ કરે તેવું અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. સગીરાના ગુમ થવા અંગેની ફરિયાદ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે.

**સગીરાનું છેલ્લુ લોકેશન સુરત ખાતે જોવા મળ્યું હતું**

## તંત્રી સ્થાનેથી......

# ગુજરાત ચૂંટણી : ભાજપે એક પણ મુસ્લિમ ઉમેદવારને ટિકિટ કેમ ન આપી?

આગામી ૨૧ ફેબ્રુઆરી અને ૨૮ ફેબ્રુઆરીના રોજ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. જેમાં પ્રથમ તબક્કામાં અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર અને ભાવનગર એમ કુલ છ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ચૂંટણી યોજાશે. જે માટે રાજકીય પક્ષોએ પોતપોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે. આ વખત જયારે 'આપ' (આમ આદમી પાર્ટી) અને ઑલ ઈન્ડિયા મજલિસ-એ- ઈત્તેહાદ-ઉલ-મુસલિમીન (AIMIM)ની ઍન્ટ્રી કારણે રાજ્યની સ્થાનિકસ્વરાજની ચૂંટણી વધુ ચર્ચાસ્પદ બની છે. તો રાજ્ય અને દેશમાં સત્તા પર વિરાજમાન ભાજપે હજુ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં એક પણ બેઠક પર મુસ્લિમ ઉમેદવારને તક ન આપતાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો આ ચોપાંખિયો જંગ વધુ રસપ્રદ બન્યો છે. નોંધનીય છે કે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સહિત રાજ્ય અને દેશમાં સત્તા પર રહેલા ભાજપે મ્યુનિસિપલ કૉર્પોરેશનની ૧૯૨ બેઠકો પૈકી એક પણ બેઠક પર મુસ્લિમ ઉમેદવાર નથી ઉતાર્યા. ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ અનુસાર ભાજપના કેટલાક મુસ્લિમ કાર્યકરોએ પાર્ટીના આ નિર્ણય સામે વિરોધ પ્રગટ કરવા માટે અમદાવાદના ખાનપુર ખાતે પાર્ટી ઑફિસ પર પ્રદર્શન કર્યું હતું. પાર્ટીના આ નિર્ણયને કારણે રોષે ભરાયેલા મુસ્લિમ કાર્યકરે પાર્ટીના આ નિર્ણયને 'કોમવાદી' ગણાવ્યો હતો. આની સામે અમદાવાદ જેવા મોટા શહેરમાં વર્ષ ૨૦૧૧ની વસતીગણતરી મુજબ આશરે ૫૫ લાખની કુલ વસતિની સામે ૧૩.૫૧ ટકા જેટલા, એટલે કે કે ૭,૬૦,૦૦૦થી વધુ મુસ્લિમો છે, ત્યાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય પક્ષ દ્વારા એક પણ મુસ્લિમને ચૂંટણી લડવા માટેની ટિકિટ ન આપવામાં આવે એ વાતને કારણે પક્ષના મુસ્લિમ કાર્યકરોમાં અસંતોષ હોય એ સ્વાભાવિક છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપે જે રીતે મુસ્લિમોની જે રીતે અવગણના કરી છે તેના પરથી સ્પષ્ટ છે કે ભાજપ ક્યાંક ને ક્યાંક કોમવાદને પ્રોત્સાહન આપી રહી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં એક પણ બેઠક પર મુસ્લિમ ઉમેદવાર ન ઉતારવા પાછળનો પક્ષનિ ભૂમિકા બહુ સ્પષ્ટ છે, તેઓ હિંદુ વોટ બૅંક મજબૂત કરવા માગે છે. તે એ ભૂમિકા પર જ ચાલે છે. ભલે તે 'સબકા સાથ સબકા વિકાસ'ની વાત કરે, પણ જ્યારે ચૂંટણીમાં ટિકિટ આપવાની વાત આવે છે ત્યારે તેઓ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ નથી ફાળવતા, જોકે, તેમની પાર્ટીમાં મુસ્લિમ કાર્યકર્તાઓ પણ છે જ, છતાં પણ તેમની અવગણના કરી તેઓ હિન્દુ વોટબૅંકને પોતાની તરફ આકર્ષિત કરવા માંગે છે. પરંતુ જાણકારો અને વિશ્લેષકોના મતે ભાજપની આ રણનિતી આગામી સમયમાં નાગરિકો પર કોમવાદની ઉંડી છાપ છોડશે.



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....





### પ્રકરણ ૬૨

મે મહિનાની કાળઝાળ ગરમી અગનગોળા વરસાવી રહી હતી. સ્કૂલનું દસ દિવસના મીની વેકેશન શરૂ થઈગયું હતું. હું આવતીકાલે સવારે ઘરે જવા માટે નીકળવાનો હતો. સાગરના બર્થ ડે એ મને સખત આંચકો આપ્યો હતો. મારું મન "મૅજિક રૂમ'ના સિક્રેટ જાણવા તરસી રહ્યું હતું. સાગરનો વિશ્વાસ હું ખોવા માગતો નહોતો. એટલે જ એ રૂમ ખોલવા માટે મારા પગ અટકી જતા હતા. આમ પણ મેં ઘણીવાર પ્રયત્ન કર્યા છતાં એ રૂમ હજુ સુધી ખોલી શક્યો નહોતો. અત્યારે સાગર ઘરે નહોતો. મોબાઈલમાં રિંગ વાગી. જોયું તો ગીતાનો કોલ હતો. મેં રિસિવ કર્યો.

"હલ્લો કાના, ક્યારે આવવાનો છે તું ?'' તેણે સીધું જ પૂછ્યું.

"કાલે સવારની બસમાં નીકળું છું. તને હજુ સવારે તો મૅસેજમાં કહ્યું હતું. મને અંદાજ હતો જ કે મારી બહેન મને કંઈક લાવવાનું કહેવાનું ભૂલી ગઈ હશે." મેં પૂછ્યું. આવી રીતે અચાનક ફોન આવે ત્યારે આવું જ કોઈ કારણ હોય છે.

"ના, કશું લઈ આવવાનું નથી. પણ અત્યારે તને એક સરપ્રાઈઝ આપવા ફોન કર્યો છે.'' તે બોલી.

"ગીતલી પ્લીઝ, જે કહેવું હોય એ સીધું કહી દે જે. અત્યારે મારા મગજનું કચુંબર થઈ ગયું છે. મને સરપ્રાઈઝ ઉપર સરપ્રાઈઝ મળી રહ્યા છે. હવે વધુ સહન કરવાની મારી શક્તિ નથી.'' મેં કહ્યું.

"આનાથી મોટું સરપ્રાઈઝ તને હજુ સુધી ક્યારેય નહીં મળ્યું હોય.' તેના અવાજમાં ઉત્સાહમાં વર્તાતો હતો.

મને કંઈ સમજાયું નહીં, પછી અચાનક લાઈટ થઈ હોય એમ બોલ્યો, "શું ઘરેથી લગ્ન માટે હા પાડી દીધી ?''

તે વિચારીને બોલી, "ના, હું ઘર છોડી ભાગી રહી છું.''

"ગીતલીલી લી લી... શું...શ... શુ...તું..તું..'' મારાથી રાડ પડાઈ ગઈ, "ના હોય, તું અત્યારે ખોટી મસ્તી ના કર. તું એક વાર કહી દે, તને મારા સમ છે. આ વાત ખોટી છે. તું ઘર છોડીને ક્યાંય જવાની નથી '' મારે શું બોલવું એ મને સમજાતું નહોતું.

"કાના, પ્લાઝ... શાંત થા. પહેલા પૂરી વાત સાંભળ. સાવ ખોટેખોટું બોલબોલ બંધ કર અને ચિંતા ના કર.'' તે થોડા ગુસ્સાથી બોલી.

હું શાંત પડ્યો. મને ખબર હતી એક દિવસ તો આવું કશું થશે, પણ આટલી જલ્દી થશે એવી તો જરાય આશા નહોતી. "હું ઘરેથી ભાગી રહી છું. ઘરમાં દાદા સહિત બધાને ખબર છે. અને એમના કહેવાથી જ ભાગી રહી છું. એક્ચ્યુલી મેં એક દિવસ દાદાને કહેલું. 'દાદા આપણે હવે ઘરમાં વાત કરી દઈએ. હવે આપણાં કુટુંબીઓ અને સગા- સંબંધી મને પરણાવી દેવા ઉતાવળા બન્યા છે.'

દાદાએ આશ્વાસન આપતાં કહેલું. " તું ચિંતા ના કર. હું યોગ્ય સમય જોઈને વાત કરીશ. અને બેફિકર રહેજે. તારા લગ્ન દિનકર સિવાય બીજા જોડે નહીં થવા દવ.'

મારી મમ્મી મને એક દિવસ વિડીયો કોલમાં દિનકર સાથે વાત કરતાં જોઈ ગયેલી. તેને એ રાત્રે મારા પપ્પાને જાણ કરી. પપ્પાને આઘાત લાગે કે વાત વધુ વણસે એ પહેલાં મેં તાત્કાલીક દાદાને વાત કરી. મેં દિનકરને પણ લાસ્ટ ટાઈમ ચોખ્ખું કહેલું, 'જો મને ઘરેથી પરમિશન મળશે તો જ હું લગ્ન કરીશ.' તે પણ મારા આ વિચાર સાથે સંમત થયેલો. મેં અને દાદાએ ઘરમાં બધાને વાત કરી. મારા પપ્પા થોડા ગુસ્સામાં હતા પણ કાકાએ બાજી સંભાળી લીધી. મારી આખી વાત ધ્યાનથી સાંભળી. મેં વિડિયો કોલમાં દિનકર જોડે તેમની વાત કરાવી. સાથે દિનકરને એક વાર રૂબરૂ મળીને પણ નિર્ણય કરવો હોય તો છૂટ આપી. સાથે એ પણ વિશ્વાસ અપાવ્યો કે 'તમે લગ્નની ના પાડશો તો મારો સુસાઈડ કરવાનો કોઈ ઈરાદો નથી. અને હું ક્યારેય ભાગીને લગ્ન કરીને તેમનો વિશ્વાસ નહીં તોડું.''તે અટકી.

'દિનકરે કહ્યું કે એ મારા પરિવારની મરજી વિના મારી સાથે લગ્ન નહીં કરે એ વાત ઘરમાં બધાને બહુ સ્પર્શી ગઈ.' આ વાતને લીધે એમનો ભાગીને લગ્ન કરવા વિશેનો રહ્યો સહ્યો ડર પણ દૂર થઈ ગયો." તે બોલીને શ્વાસ લેવા માટે અટકી.

"તો પછી પ્રોબ્લેમ શું છે યાર ? ઘરમાં કોઈ વાંધો નથી તો તારે ભાગવું શા માટે પડે છે ?'' મેં સવાલ કર્યો. મારું મગજ હવે વધુ સરપ્રાઈઝ સહન કરવા માટે સક્ષમ નહોતું. ખરેખર ગીતા એક પહેલીની જેમ વાત કરી રહી હતી.

" બધાને દિનકર જોડે વાત કરી સંતોષ થયો. તેના માતાપિતા જોડે પણ વાત કરી. હવે ના પાડવા માટેનું કોઈ કારણ નહોતું. ઘરમાં બધાને આ લગ્ન સામે કોઈ વાંધો નહોતો. પરંતુ આપણાં ફઈ થોડા દિવસો પહેલાં મારા માટે એક સંબંધની વાત લઈને આવ્યા. છોકરો બહુ જ સંસ્કારી. જેન્ટલમેન પર્સનાલિટી ધરાવતો હતો. પાર્ટી પણ કરોડપતિ હતી. કુટુંબમાં પણ બધા મોડર્ન વિચારો ધરાવતા હતા અને ખરેખર એવા હતા. જો મને દિનકર ના મળ્યો હોત તો હું એક પણ સેકન્ડનો વિચાર કર્યા વગર હા પાડી દેત. આખું ઘર ધર્મસંકટમાં મૂકાયું.

મેં બધાને કહ્યું "મારી છોકરા જોડે મિટિંગ ગોઠવી આપજો. હું એને મારી લવસ્ટોરી વિશે સમજાવીશ. મને લાગે છે એ માની જશે. અને નહીં માને કે મને સ્વીકારવા તૈયાર થશે તો હું પરિવારની ખુશી માટે તેની સાથે લગ્ન કરવા તૈયાર છું." મારી વાત સાંભળી બધાંની આંખમાં આસું હતાં. એ આંસુમાં ગર્વ સમાયેલો હતો. જો પરિવાર એક રહેતો હોય તો હું એ માટે મારા પ્રેમનું બલિદાન આપવા માટે તૈયાર હતી.

ફઈએ બંને ભાઈઓને સંકટ સમયે અનેક વખત ટેકો આપ્યો હતો, આર્થિક અને સામાજિક બધી રીતે. ઘર ઉપર તેમના અનેક ઉપકારો હતો. ઘરમાં બધાને મારી વાત યોગ્ય ના લાગી. તેમને ફઈના સ્વભાવની ખબર હતી. તે કોઈ રીતે માનવાના નહોતાં. તે છોકરાની બધી જવાબદારી લેવા તૈયાર હતાં. સાથે મને મળવા દેવાનાં પક્ષમાં પણ નહોતાં. તેના પણ અનેક કારણો હતાં.

તારા પપ્પાએ એક રાતે મને બોલાવી. ગાડીમાં બેસાડીને ઉપલેટા રેલ્વે સ્ટેશને લઈ ગયા.

સ્ટેશને પહોંચી ખિસ્સામાંથી રૂમાલ વીંટેલી એક પોટલી કાઢી મારા હાથમાં મૂકતાં કહ્યું. "તારા બાપાની હિંમત ન'હોતી ચાલતી. ફઈની વાત આખા ઘરમાં કોઈ ટાળી શકે તેમ નથી. છોકરો બધી રીતે તારા માટે યોગ્ય છે, પણ તારી સમજદારી, પ્રેમ માટે પોતાના કુટુંબ ના છોડવાની જીદ, તારા પ્રેમની સચ્ચાઈ. એ બધાએ અમને અંદર સુધી હલબલાવી દીધાં. અમારા માટે બીજા બધા કરતાં તારી ખુશી વધુ અગત્યની છે.

"હમણાં કવિગુરુ એક્સપ્રેસ આવશે. તું આઝાદ છો. દિનકર સાથે લગ્ન કરીને જીવવા માટે. આખા ઘર વતી હું તને વળાવવા આવ્યો છું. ત્યાં ગયા પછી એક વરસ આ બાજુ ના ફરકતી. ગામને અને ફઈને જે કહેવું હોય એ કહેવા દે. તું એની ચિંતા ના કરતી. એને અમે સંભાળી લઈશું. એ થોડા દિ' વાતો કરશે. સમય જતાં પાછું બધું પહેલાં જેવું શાંત થઈ જશે. પેલા છોકરાના લગ્ન થઈ જાય પછી અમે તને સામેથી કહીશું. તું કાનાના સંપર્કમાં રહેજે. અમારી સાથે ક્યારેય વાત ના કરતી. તને તારા પ્રેમ ઉપર ભરોસો હોય તો ટ્રેનમાં બેસી જા. ને હજુ જવાનું મન ના હોય તો પાછી મારી સાથે ચાલ....''

હું તારા પપ્પાની વાતો સાંભળી અનરાધાર આંસુએ રડી રહી હતી. ક્યાંય સુધી હરખના આંસુએ રડતી હતી. તેમણે મને શાંત પાડી. ટ્રેન આવી ગઈ હતી. તેમણે ટિકિટ પણ લઈ રાખી હતી. કન્યાદાન કરતાં હોય તેમ મારા હાથમાં મૂકી. આખું ઘર આવ્યું હોત તો મને વધું ગમ્યું હોત. પણ સંજોગો સામે બધા લાચાર હતાં. હું ફરીથી રડતાં રડતાં તેમના ગળે વળગી પડી. હું ટ્રેનમાં ચડી. દરવાજે ઉભેલી મને જ્યાં સુધી ના દેખાઉં ત્યાં સુધી જોઈ રહ્યા.

જીવનમાં એક વાત સમજાઈ ગઈ, જો તમારા પ્રેમમાં ખરેખર સચ્ચાઈ હશે તો ગમે તેવા વિરોધ વચ્ચે તે પોતાનો રસ્તો કરી સાચી મંઝિલે પહોંચી જશે. કાના, અત્યારે આ મારો છેલ્લો ફોન છે. હવે નવા સીમકાર્ડમાંથી તને કોલ કરીશ. હા, એક પ્રોમિસ આપું છું. આવતી રક્ષાબંધને તું ગમે ત્યાં હોઈશ, રાખડી બાંધવા જરૂર આવીશ. સોરી ભઈલુ, ગયા રક્ષાબંધને ખાલી ખોટા ગુસ્સામાં તને બ્લૉક કર્યો હતો.

બીજી એક બાબતમાં પણ તું સાચો હતો. મેં ' સર્જન બાગ' સર્જી તો જાણ્યો. પણ એ હવે ઉછરી શકશે કે કેમ તે એક સવાલ છે. તે મને ચેતવેલી. પણ હું હસમુખ સ્વામીને ના ઓળખી શકી. હરિદાસ બાપુનું એક રોડ એક્સિડન્ટમાં મૃત્યુ થયું હતું. એ એક્સિડન્ટ નહીં પરંતુ વેલપ્લાન મર્ડર હતું. આશ્રમની સંપત્તિ અને બાપુએ કમાયેલી શાખને પચાવી પાડવાનું.

ડોન્ટ વરી, આપણે એ સ્વામીને તો પછી જોઈ લેશું. તું બની શકે તો હવે ૧૨ સાયન્સની એક્ઝામ પુરી પછી જ ઘરે જજે. ચાલ બાય ફોનની બેટરી સાવ લો છે. હજુ દિનકર જોડે પણ વાત કરવાની છે....'' તેણે ફોન કટ કરી નાખ્યો.

મારા હાથમાંથી મોબાઈલ નીચે પડી ગયો. હું રડી રહ્યો હતો. મારી બહેન મને કહ્યા વગર સાસરે ચાલી ગઈ હતી. મને એકલો મૂકીને. હું મુસીબતમાં મુકાઈશ ત્યારે મને કોણ મદદ કરશે. ગીતા સાથે વિતાવેલી પળો મને અજગર ભરડો લેવા લાગી. હું જાણે સાવ એકલો પડી ગયો હોય એવું લાગ્યું. હું રડતો જ રહ્યો.

ચોધાર આંસુએ... મન મુકીને... દિલ ખોલીને...

મારી સાથે જ આવું શા માટે બને છે ?

માછલીઘર પાસે બેસીને રડતાં રડતાં કુદરતને મન ભરીને ગાળો આપી.

ભગવાન, પ્લીઝ મને નૉર્મલ માણસની જેમ જીવવા દે ?

શા માટે મારા ગમતાં લોકોને મારાથી દૂર કરે છે ?

શા માટે મને ડગલે ને પગલે આ રીતે હેરાન કરે છે ? (ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૧-૦૨-૨૦૨૧, ગુરૂવાર, પોષ વદ-દર્શ અમાસ, સૂર્યોદય-૭-૨૩, સૂર્યાસ્ત-૬-૪૦, જૈન નવકારશી-૮-૧૧, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શ્રવણ

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૯ થી અભિજીત ૧૩-૨૪ સુધી ૭-૨૩ થી શુભ-૮-૪૭ સુધી, ૧૧-૩૬ થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૧ સુધી, ૧૭-૧૬ થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૧ સુધી

**- શુભ હોરા-**

૭-૨૩ થી ૮-૧૯ સુધી ૧૦-૧૨થી ૧૩-૦૧ સુધી, ૧૩-૫૮ થી ૧૪-૫૪ સુધી, ૧૬-૪૭ થી ૧૯-૪૪ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

» વૃષભ (બ.વ.ઉ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.

» મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.

» કર્ક (ડ.હ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.

» સિંહ (મ.ટ.) :- ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.

» કન્યા (પ.ઠ.ણ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

» તુલા (ર.ત.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.

» વૃશ્ચિક (ન.ય.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

» ધન (ભ.ધ.ફ.ઢ.):- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.

» મકર (ખ.જ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.

» કુંભ (ગ.શ.સ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.

» મીન (દ.ચ.ઝ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

# ગુજરાત કોંગ્રેસની નિષ્ફળતાના કારણો શું?

કોંગ્રેસ ગુજરાતમાં લાંબા સમયથી સતાથી દુર છે ત્યારે કોંગ્રેસની નિષ્ફળતા સામે ચોકકસથી સવાલ ઉભા થાય છે. ચાલો આજે જોઈએ ગુજરાત કોગ્રેસ આટલા સમયથી સતાથી દુર રહેવાના કેટલાંક કારણો.

એક લીડર કે ચહેરાનો અભાવ

કોઈપણ રાજકીય પાર્ટી કે પછી સંગઠન હોય એમાં એક એવો ચહેરો કે લીડર હોવો જોઈએ જે લોકો મધ્યે વાત લઈને જાય તો એનો પ્રભાવ પડે, ૨૦૧૪માં ભાજપ પાસે નરેન્દ્ર મોદી એક જ ચહેરો હતો અને એમ કહી શકાય કે મોદીના નામે કેટલાંય એમના નેતાઓ જેમને કોઈ ભાવ પણ ન્હોતું પુછતુ એ પણ તરી ગયા, એટલે કે મોદીના નામે વોટ મેળવી ધારાસભ્ય, સાંસદસભ્ય કે મંત્રી બની ગયા, એમની કોઈ એવી લાયકાત ન્હોતી કે એ જીતી શકે, પણ લોકોએ ભાજપ અને ખાસ નરેન્દ્ર મોદીને ધ્યાનમાં રાખીને જ જીતાડ્યાં હતાં, એટલે ગુજરાત કોગ્રેસમાં પણ એવો એક મજબૂત ચહેરો હોવો જોઈએ જેને બધી જ જગ્યાએ આગળ કરી શકાય, હાલ કોગ્રેસને આવો એક લોક ચાહના વાળા ચહેરાને હાઈલાઈટ કરવાની જરૂર છે. આગમી ચુંટણી જીતવી હશે અને ગુજરાતમાં સતા મેળવવી હશે તો કોઈ ચહેરો આગળ લાવવો પડશે..

આંતરીક જુથવાદ

ગુજરાત કોગ્રેસના અંદર અંદર ડખા છે. એ વાત સામાન્ય માણસ પણ જાણે છે અને જોઈ શકે છે. ગુજરાત કોગ્રેસમાં એવો કોઈ મજબૂત નેતા કે લીડર નથી એની વાત બધાં જ ધારાસભ્ય અને નેતાઓ માને, એટલે ખાસ તો કોગ્રેસે આંતરીક જૂથવાદને ખતમ કરવાની તાતી જરૂર છે. બધાને એક કરીને કોગ્રેસને આગળ કરવાની જરૂર છે. કેટલાંય વિસ્તારમાં ધારાસભ્ય ભલે કોગ્રેસના હોય પણ કામ તો ભાજપ માટે જ કરે છે. જે રીતે રાજીનામા અને પાર્ટી બદલે છે એ જોતા પણ આ વાત સ્પષ્ટ છે, એટલે જ ગુજરાત કોંગ્રેસે સૌથી પહેલાં અંદર અંદરના આંતરીક વિવાદો દૂર કરી નવું સંગઠન બનાવવું જોઈએ.

આત્મ વિશ્વાસનો અભાવ.

કોગ્રેસના ધારાસભ્યોને જ ખુદ ભરોસો નથી હોતો કે એ ચુંટણી જીતી શકશે કે કેમ, અને આ વાત એમના વાણી વર્તન વ્યવહારમાં દેકાય આવે છે. એટલે પહેલાં તો કોગ્રેસે પોતના ધારાસભ્યોને માનસિક રીતે પણ મજબુત કરવાની જરૂર છે. સ્વાભાવિક છે વર્ષોથી સાતાથી દુર હોય એટલે હતાશા આવે જ, પાર્ટીની વિચારધારા ભલે ને સારી હોય તોય સતા પક્ષ બાજું નમતું જોખાય જ જાય અને એમ પછી કરોડો ઓફર કરે તો વેચાંય પણ જાય, એટલે જ ખરેખર ધારાસભ્યોમાં આત્મા વિશ્વાસ હોવો જરૂરી છે. અને ખાસ પછી કાર્યકરોમાં પણ હોવો જોઈએ..

કાર્યકરો અને મજબૂત સંગઠનનો અભાવ.

આજે જોવા મળે છે કે ભલે કોંગ્રેસને બધી રીતે સપોર્ટ કરતાં હોય પણ તોય એ એમના કાર્યકર બનવા તૈયાર નહી થાય, અમુક લોકો ખાલી હોદો લેવા માટે આગળ આવી જશે, અને પછી હોદો મળ્યાં પછી નિષ્ક્રિય થઈ જશે, કાર્યકરોમાં જે ઉત્સાહ અને પોઝીટીવ એનર્જી હોવી જોઈએ એ જોવા મળતી નથી, અત્યારે એક આખી પ્રજાતિ એવી છે જે ભાજપ કોંગ્રેસ બન્નેને નફરત કરે છે. અને ભાજપનો જબરજસ્ત વિરોધ હોવા છતાં કોંગ્રેસને સપોર્ટમાં નથી આવતાં, કારણ કે કોંગ્રેસમાં સુવ્યવસ્થિત સંગઠન જેવું છે જ નહી, આ સંગઠન છે પણ એ લેવલે કામ નથી કરતું કે એનાથી લોકો આકર્ષાય, ખાલી મીટીંગો ભરવાથી, કે સોશીયલ મીડીયા પર વિરોધ કરવાથી ચુંટણી ન જીતી શકાય, ગ્રાઉન્ડ લેવલે ઉતરવું જ પડે, લોકોને સમજાવવા પડે, ભાજપના ખોટા કામ બહાર લાવવા પડે, હાલ લોકોને ખબર જ છે ભાજપના ભ્રષ્ટાચારની તો એને લઈને કોંગ્રેસે લોકો મધ્યે જવું જોઈએ.

વિરોધ પક્ષની ભુમીકા

તમે કોઈપણને પુછી લો, ઈવન કોંગ્રેસના નેતાઓ કે કાર્યકરને તો પણ એ એમ કહેશે કે કોંગ્રેસ વિરોધ પક્ષની ભુમીકા નિભાવવામાં પણ નિષ્ફળ ગઈ છે, એવા ઘણાં ખોટા મુદ્દા છે જેનો વિરોધ ન કરી એ સરકારને એક રીતે સહકાર જ આપે છે, ખરેખર લોકોની જરુરીયાતના જે મુદ્દા છે એજ કોગ્રેસ વિધાનસભા કે જાહેરમાં ઉછાળતી નથી, આ બધું જ લોકોની નજરમાં હોય છે એટલે નિષ્ક્રીય કોંગ્રેસનું લેબલ લાગે છે. એટલે આ કોઈ સમજવાનો મુદ્દો નથી પડ વિરોધ પક્ષની શું.ભુમીકા હોય એને સમજીને આગળ વધવું જોઈએ અને પોતાનો અવાજ ઉઠાવવો જોઈએ..



નેલ્સન પરમાર
'જાગતે રહો'

કામ કરવાની ખોટી રીત

ચૂંટણી પૂરી થતાં જ નિષ્ક્રિય ' કોગ્રેસ ' કાર્યકર અને પ્રજાના સંપર્કથી દૂર, ચૂંટણી આવે એટલે કોગ્રેસ એ રીતે વર્તન કરે કે અમે તમારા જ છીએ અમે તમારી સાથે જ છે. પણ જેવી ચૂટણી પતે એટલે પ્રજાથી દૂર, પ્રજાના કોઈ મુદ્દે ખાસ બોલવું જ નહીં, કોગ્રેસને ખબર હોવી જોઈએ કે તે વિપક્ષમાં છે અને સરકારની ખોટી બાબતોનો વિરોધ અને પ્રજાનો અવાજ બનાવવાનું છે. પણ નહી જ્યારે ચૂંટણી આવશે ત્યારે જ પ્રજાનો અવાજ બનાવવામાં રસ છે. કોંગ્રેસની હાર પાછળ સૌથી મોટું જવાબદાર કારણ જ આજ છે તેઓ કાર્યક્રર અને પ્રજા સાથે ચૂંટણી ટાણે જ સંપર્ક કરે છે. કેટલાંક વર્તનથી એમનાં જ ધારાસભ્યો પાર્ટી છોડી ભાજપમાં જોડાય છે એ જોતા નવાઈ પણ નથી લાગતી, સાવ હારી ગયા હોય, હવે કોઈ રસ્તો જ ન બચ્યો હોય એવું વર્તન મને કોગ્રેસનું લાગે છે. હજુ પણ સમય છે અત્યારથી જ પ્રજા સાથે સંપર્ક સાધી અને કાર્યકરને એક્ટીવ કરવમાં આવે તો હવે જીત નક્કી છે પણ લાગતું નથી કોગ્રેસ ચૂંટણી પહેલાં કોઈ કદમ ઉઠાવે. ખેર એટલું જ કહેવું છે જે તમે ચૂંટણી સમયે કરો છો એ અત્યારથી જ ચાલું કરી દો, હજુ સમય છે સંગઠન શક્તિ મજબૂત કરો,ભાજપની સંગઠન શક્તિ અને તેમનાં પ્રચાર માંથી કંઈક તો શીખો, ભાજપને એનો અહંકાર જ હરાવી શકશે બાકી તમારું કામ નહીં, તમે એવું કોઈ પર્દશન છે જ નહીં તો શું કરવા પ્રજા તમને વોટ આપે? હજૂ પણ સમય છે. ચૂંટણી પ્રચાર શરૂ કરી દો અને પ્રજાના પ્રશ્નોને વાંચા આપો બાકી તો આ પરિણામમાં કોઈ ફેરફાર નહી થાય ફરી વિપક્શમાં બેસવા તૈયારી કરજો..

૬ સોશીયલ મીડીયાનો ઓછો પ્રભાવ – આઈ ટી સેલ

ભાજપનું આઈ ટી સેલ એટલું સક્રિય છે કે કોઈપણ મુદ્દો આવે એનો ટ્રેડ ચાલું કરી દે, પોસ્ટર બનાવે, મેસેજ ફરતાં કરી દે, અઢળક ગ્રુપ પેજ અને આઈ ડી એક્ટીવ છે એમની, એટલો.પ્રચાર કરે કે મુદ્દો ખોટો હોય તોય લોકોને સાચો લાગવા લાગે. એની સામે કોગ્રેસનું આઈ ટી સેલ એકદમ નાનું લાગે છે અને મુદ્દા ઉછાળવામાં પણ કાચું છે. મોદી સાહેબ અને અમિત શાહ પર અંગત ટિપ્પણીઓ પણ એમાં જોવા મળે છે જેનું કંઈ કામ નથી, કોંગ્રેસે તો ભાજપના કાડા કામ જ બહાર લાવવાની જરુર છે. એમણે આજ સુધી કરેલ કામો ને હાઈલાઈટ કરી ભાજપની નિષ્ફળતા બતાવવાની જરુર છે. સોશીયલ મીડીયામાં એટલી તકાત છે સતા ઉથલાવી શકે છે બસ એનો ઊપયોગ કરતાં આવડવું જોઈએ.

હિન્દુત્વ – ગુજરાત કોગ્રેસ જ નહી પણ ભારતીય કોગ્રેસને નડતો કોઈ જનરલ મુદ્દો હોય તો એ છે હિન્દુત્વનો મુદ્દો, લોકો કોંગ્રેસને હિન્દુ વિરોધી પાર્ટી સમજે છે. અને આપણો સમાજ જ લાગણી પ્રધાન છે. ધર્મને નામે કંઈ પડ કરી બેસે એ ફક્ત ધર્મને નામે વોટ પણ આપી જ શકે છે. એટલે આ મુદ્દો પણ ખાસ છે નિષ્ફળતા માટે.

# વ્હોટ ઈઝ નેક્સ્ટ?

કપરા સમયમાં શું થયું,કોણે કર્યું,શું કરવા કર્યું આ બધું વિચારવાને બદલે "હવે શું કરવું" એ વિચારવાથી સાનુકૂળતા જન્મે છે. એવું કહેવાય છે કે જ્યારે મુસીબત આવે ત્યારે માણસની બુદ્ધિ વિપરીત થઈ જાય છે એટલે કે કંઈ સૂઝે નહિ, સાંસા ગગડી જાય, ક્યારેક ન કરવાનું કરી બેસીએ તો ક્યારેક કોઈ નિર્ણય લઈ શકાય નહિ આવી ઘણી પરિસ્થિતિ એકસાથે બનતી હોય છે. આવા સમયે જાતને જાળવવી અઘરી પડી જાય છે તો શું કરવું ?

ઘણીવાર આપણે લોકો આવા સમયે સવાલો પૂછવામાં સમય અને શક્તિ બંને વેડફતા હોઈએ છીએ, જે ખરેખર તો જવાબ જાણવા કરતા વધારે આપણને વધુ દ્વિધામાં મૂકે છે અને વળી જવાબ મળી જાય પછી પણ કંઈ ખાસ મેળવી લેવાનું નથી હોતું કેમ કે જે થઈ ગયું છે તે તો થઈ જ ગયું છે પછીથી કોણે કર્યું કેમ થયું આ બધું જાણવાનો કોઈ ફાયદો નથી તો શું કરવાની જરૂર છે ?

આવા સમયે ઘટના પછીની પરિસ્થિતિને જાણીને હવે શું કરવું તે વિચારીને તેના પર યોગ્ય પગલાં લેવા અગત્યનું છે.

આપણે લોકો સામાજિક હોવાથી દરેક સવાલનો જવાબ જાણવો ચોક્કસ જરૂરી છે અને જાણવું પણ જોઈએ પરંતુ જ્યારે ઘટના બની જ ગઈ છે તો ઘટના દરમિયાન કે પૂર્વેની સ્થિતિ જાણવાથી કોઈ ખાસ લાભ વ્યક્તિને પોતાને થતો નથી એટલે જ તાત્કાલિક ધોરણે હવે પછી શું કરવું તેનો વિચાર કરવાથી મુશ્કેલીથી થયેલા નુકસાનને ભરપાઈ કરવાની શક્યતા રહે છે.

જો ક્યાંય આગ લાગી હોય તો તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડને બોલાવવું પડે આ વાતની બધાને ખબર છે ને આપણે બધા તેવું કરીએ છીએ પણ જો ક્યારેક એક્સિડન્ટ થયો હોય તો તેવા સમયે બહુ સવાલ પૂછવા કે શિખામણ આપવા કરતા એક્સિડન્ટ થવાથી જે નુકસાન થયું છે તેને ભરપાઈ કેવી રીતે કરવું તે બાબતે વિચાર કરવો અને તેના માટે પ્રતિક્રિયા આપવી વધુ અસરકારક ઉપાય છે.



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

સામાન્ય રીતે કોઈપણ આફતના સમયમાં ધીરજ રાખવી સૌથી વધુ કપરું હોય છે આ સમય આપણી નૈતિકતા,સભ્યતા,ધીરજ, માનવતા,શક્તિ,વ્યવહાર, સંસ્કૃતિ વગેરે જેવી ઘણી બધી બાબતોની પરીક્ષા કરી જતો હોય છે. અને કપરો સમય ક્યારે આવી જાય તેનુ કંઈ નક્કી પણ નથી હોતું એટલે હંમેશા કોઈપણ સંજોગોમાં માનવતાભર્યું વલણ દાખવવું જ રહ્યું.


જો મુશ્કેલી થોડી વધારે છે અથવા મોટી છે તો કોઈપણ કપરા સમયમાં ધાર્મિક કાર્યો તો અસરકારક બને જ છે. આપણે સૌ આપણા દેવી દેવતાઓને પ્રાર્થના કરીએ જ છીએ, પણ શું ? કે મારા જીવનમાં મુશ્કેલીનો સમય ચાલ્યો જાય, દુઃખ જતું રહે ને સુખ મળે ,લક્ષ્મી જાય નહી ને આવે બધું સરસ રહે કંઈ બગડે નહિ. સુખ સુખ ને સુખ. હા, બધાને સારું જ જોઈએ છે એમાં ના નહિ.

બધું જ સારું માંગવાથી થાય છે એવું કે, આપણે દરેક સારી બાબત સાથે લાગણીથી જોડાઈ જઈએ અને બરાબર આ જ સમયે આપણા મનમાં દુઃખ,ખરાબ સમય અને અનિચ્છિત દરેક બાબત માટેનો ભય ઉત્પન્ન થાય છે કે દુઃખ તો ન જ જોઈએ આ સમય બહુ ખરાબ. આ પ્રકારની વિચારશૈલી રાખવાથી જીવનમાં જ્યારે દુઃખ આવે છે ત્યારે સૌથી વધારે એટલે કે ડબલ દુઃખી થવાય છે કેમ કે એકબાજુ સંકટભરી સ્થિતિ આવી છે અને બીજી તરફ આપણે હંમેશા જે સુખની અપેક્ષા રાખી છે જે સારા સમયની ફેવર કરી છે તે જતો રહ્યો.. સુખ દુઃખ તો રાત અને દિવસની જેમ આવ્યા જ કરવાના, આવા સમયે દુઃખનો સામનો કરવાની દુઃખથી પીછેહટ ન કરવાની શક્તિ માંગવી જોઈએ જેથી દુઃખ તો આવે પણ તેનું દર્દ ન થાય.

અંતિમ બિંદુ

પેઈન ઈઝ ઈનએવિટેબલ બટ સફરિંગ ઈઝ ઓપ્શનલ.

## મુંબઈમાં પોલીસરને અપાઇ વેક્સિન



મુંબઈના પોલીસ કર્મચારીઓને કોવિદ ૧૯ સામે વેક્સિન આપવાની શરૂઆત થઈ છે. ચેમ્બુરની માં હોસ્પિટલમાં વેક્સિન આપ્યા બાદ ૩૦ મિનિટ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હોવાની તસવીર.

# વર્સોવામાં સિલિન્ડર વેરહાઉસમાં ભીષણ આગ : ચાર ઘાયલ

### સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો : ગેરકાયદે અનેક ગોડાઉન અને રિફિલિંગનો રહેવાસીઓનો આક્ષેપ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૦

મુંબઈમાં ૨૪ કલાકમાં આગની ત્રણ ઘટના બની હતી જેમાં વર્સોવાના સિલિન્ડર ગોડાઉનમાં ભીષણ આગમાં ચાર વ્યક્તિઓ ઘાયલ થઈ હતી. કલાકો બાદ પણ આગ કાબુમાં આવી નહોતી અને સાવચેતીના પગલે આજુબાજુનો વિસ્તાર મોર્ડન કરી લેવાયો હતો. રહેવાસીઓએ આક્ષેપ કર્યો હતો કે અહી અનેક ગેરકાયદે ગોડાઉન આવ્યા છે જેમાં રિફિલિંગ પણ કરાય છે. વર્સોવાના યારી રોડ વિસ્તારમાં સિલિન્ડર વેરહાઉસમાં આગ આજે સવારના સાડા દશ વાગ્યાની અસપાસ લાગી હતી. સોળ ફાયર બિગ્રેડની



ગાડી ઘટના સ્થળે આવી પહોંચી હતી. અગ્નિશામકોએ આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. એક કિલોમીટરના વિસ્તારમાં રહેતા રહેવાસીઓને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયા છે. આ ઘટનામાં ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોની કૂપર હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી રહી છે. ઈજાગ્રસ્ત ચારેય જણા ગોડાઉનમાં કામ કરતા હતા. આગ કાબૂમાં લેવામાં આવી છે પરંતુ રહેવાશીઓને વિસ્તારમાથી બહાર હટાવવામાં આવ્યા છે. આગને પગલે એક પછી એક સિલિન્ડર ફાટતાં નાગરિકોમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યે આગની જાણ થઈ હતી. આ વિસ્તારમા અનેક સેલીબ્રેટીઓ રહેતી હોવાનું જાણવા મળે છે. આગ લાગેલ સ્થળે કુલિંગનુ કામ ચાલુ છે. આગ પછીના વિસ્ફોટોનો અવાજ ભયંકર હતો તેવું પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું. આગને કારણે આસપાસની કેટલીક દુકાનો પણ બળીને ખાક થઈ ગઈ હતી. મુંબઈમાં ૪ દિવસના સિલિન્ડર બ્લાસ્ટમાં બે મોટી ઘટનાઓ બની છે. પહેલા મીરા રોડ અને આજે વર્સોવામાં. મુંબઈ અને અન્ય મોટા શહેરોમાં સ્થાનિક સિલિન્ડરોના મોટા ગોડાઉનો આવેલા છે. ત્યાંથી ગ્રાહકોને મોટી સંખ્યામાં ગેસ સિલિન્ડર પુરા પાડવામાં આવી રહ્યા છે. પરંતુ સવાલ એ છે કે આ સિલિન્ડર ગોડાઉન કેટલા સલામત છે? મુંબઈમાં આગની ઘટનાઓનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં માનખુર્દ વિસ્તારમાં ભારે આગ લાગી હતી. તે આગ બુઝાવવામા ઘણો સમય લાગ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમા ત્રીજી આગ લાગી છે. તલોજામા કેમિકલ કંપનીમા, અંધેરી વર્સોવામા ફિશ માર્કેટમા અને હવે વર્સોવામા ગેસના ગોડાઉનમા આગ લાગી છે.

# હાયપ્રોફાઈલ ધરાવતી સોસાયટીમાં મસાજ સેન્ટરની આડમા ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ

ચક્રવાત ટીમ ,મુંબઈ તા ૧૦

પુણે પોલીસની સામાજિક સુરક્ષા શાખાએ પુણેના બાનેરમાં હાપ્રોફાઈલ ધરાવતી સોસાયટીમા મસાજ સેન્ટરની અડમા ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. મસાજ કેન્દ્રના નામથી દેહવેપારની શરૂઆત કરવામાં આવી હતી. પોલીસે ત્રણ યુવતીઓને મુક્ત કરી છે. બે મહિલાઓ વિરુધ્ધ ગુનો નોંધવામા આવ્યો છે.

મંગળવારે સાંજે પુણે પોલીસની સામાજિક સુરક્ષા શાખા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. વેશ્યાવૃત્તિનો ધંધો મસાજ સેન્ટરના નામથી શરૂ કરાયો હતો. પોલીસે દરોડો પાડી ત્રણેય યુવતીઓને મુક્ત કરી હતી. માયા (૨૯) અને નીતુ રોશા વિરુદ્ધ ચતુઃશ્રુંગી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

સામાજિક સુરક્ષા શાખાને બાનેરની એક સોસાયટીમાં મસાજ સેન્ટરના નામ હેઠળ સેક્સ રેકેટ ચલાવવામાં આવી હોવાની બાતમી મળી હતી. પોલીસે છટકું ગોઠવીને તે સ્થળે. છાપો મારી ત્રણેય યુવતીઓને મુક્ત કરાવી હતી. સમજી શકાય છે કે આ ત્રણેય યુવતીઓ પરપ્રાંતિય છે. મસાજ સેન્ટરના નામથી વેશ્યાવૃત્તિ શરૂ કરવામાં આવી હતી. આ છોકરીઓને પુણે લાવવામાં આવી હતી અને વેશ્યાવૃત્તિ માટે દબાણ કરવામાં આવ્યું હતું. ચતુઃશ્રુંગી પોલીસમાં બે મહિલાઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે વધુ તપાસ ચાલુ છે.

# અઢી લાખ માટે ૪૦૦ કિલોની તિજોરી ચોરનાર બે ડિલીવરી બોય ઝડપાયા, ત્રણ સાથીદારો ફરાર

### ચોરી કરવા પ્રવેશ્યા બાદ પ્રથમ સીસીટીવીનુ ડિવીઆર ચોરી કર્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

બદલાપુરમાં આ ઘટના બની હતી જ્યારે કુરિયર કંપનીમા તિજોરીમા રાખેલ અઢી લાખ રૂપિયાની ચોરી કરવા ૪૦૦ કિલો વજનની તિજોરી ચોરોએ ચોરી કરી હતી, બદલાપુર પોલીસે માત્ર પાંચ કલાકમાં બે આરોપીઓને પકડવામાં સફળતા મેળવી છે. ખાસ વાત એ છે કે આ ચોરીનો મુખ્ય સૂત્રધાર કુરિયર કંપનીનો ડિલિવરી બોય હતો. તેના ત્રણ સાથીઓ હજી ફરાર છે અને પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે. બદલાપુર પશ્રિમમાં ડિલિવરી પ્રાઈવેટ લિમિટેડ નામની કુરિયર કંપની છે. કંપનીમાથી ચોરોએ અઢી લાખ રૂપિયા રોકડની ચોરી કરવા લોખંડની ૪૦૦ કિલો વજનની તિજોરી ચોરી કરી લઈ ગયા હતા.ખાસ વાત એ છે કે આ ચોરી કરતા પકડાય નહિ તે માટે કંપનીમાં પ્રવેશતા જ સીસીટીવીની ડીવીઆર પણ ચોરી કરી હતી ઘટનાની જાણ થતાં બદલાપુર પોલીસે તાત્કાલિક સ્થળ સહિતના આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. સીસીટીવીની મદદથી બે આરોપી અજય સૂર્યવંશી અને રાજ ઉર્ફે વિશાલ માલાકરની ટક કરવામાં આવી હતી અને તિજોરી પણ કબજે કરવામાં આવી હતી. ત્રણેય આરોપીઓ હજી ફરાર છે. ગુનાનો મુખ્ય સૂત્રધાર અજય સૂર્યવંશી ચોરી કરેલી ઓફિસમાં ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો. તે બહાર આવ્યું છે કે તેણે અન્ય આરોપીઓને તિજોરી તેમજ ઓફિસમાં લગાડેલ સીસીટીવી કેમેરા વિશે સંપૂર્ણ માહિતી આપીને લૂંટવાની યોજના ઘડી હતી. આ કેસમાં ફરાર આરોપી જીલ્લા ઉર્ફે જીલાજીત દુબે નામચીન રીઢો ગુનેગાર છે અને વિવિધ પોલીસ મથકોમાં તેની વિરુધ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

# લોકડાઉનમાં મહિલા મિત્ર સાથેનો સંબંધ તૂટી જતા નિકટતા ધરાવતા અન્ય મિત્રની હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

લોકડાઉન દરમિયાન એક મિત્રની સાથે પ્રેમસંબંધ હોવાના કારણે નવી મુંબઈમાં ૧૯ વર્ષના એક તરુણની હત્યા કરાઈ છે. આ કેસમાં નાસિકથી બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર નવી મુંબઈના તલવલી વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષિય અનિલ શિંદે છેલ્લા પાંચ દિવસથી ગુમ હતો. તેના પરિવારજનોએ પોલીસમાં ગુમ થયાની જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે તપાસ ચાલુ કરી તેની શોધખોળ ચાલુ કરી હતી.પોલીસે અનિલને છેલ્લી ફોન કોલની તપાસ કરી અને બાદમાં નાસિકથી ૧૯ વર્ષિય અનિકેત જાધવની અટક કરી હતી.પોલીસ દ્વારા અનિકેતને કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદતેણે હત્યાની કબૂલાત આપી હતી. તેમના કહેવા મુજબ, અનિલની લાશ ઘનસોલી ગામમાંથી મળી હતી. અનિકેત નવી મુંબઈના તલવાલી વિસ્તારમાં રહેતો હતો. તે સમયે, તેની ઓળખ એક તરુણી સાથે થઈ હતી. પરંતુ તે લોકડાઉનમાં નાસિક ગયો હતો. દરમિયાન અનિલે



યુવતી સાથે મિત્રતા કરી. બંને વચ્ચે બોલવા ચાલવાનો સબંધ આગળ વધ્યો હતો. આ અંગે અનિકેતને ખબર પડતા તે ગુસ્સ થયો હતો. તેને બંનેની નિકટતા પસંદ નહોતી. તેથી તેણે અનિલ શિંદેની હત્યા કરવાની કાવતરું ઘડી કાઢ્યુ હતુ. ઘનસોલીમાં અનિલને બોલાવીને દારૂ પિવડાવી નશામા તેના પર કોયતા વડે વાર કરી નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. બાદમાં અનિલની લાશને ઘનસોલી વિસ્તારમાં ફેંકી દેવામાં આવી હતી. સગીર દ્વારા આ કેસમાં સગીર દ્વારા અનિકેતને મદદ કરવામાં આવી હતી. પોલીસે તેની અટ્ક કરીને બાળસુધાર ગૃહમા પણ મોકલી આપ્યો છે.

# કલ્યાણની યુવતીને 'જીવનસાથી'ની ઓળખ મોંધી પડી યુ.કેમાં એમડી હોવાનુ જણાવી ૧૬ લાખ હડપ કર્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૦

યુકેમાં એમડી ડોક્ટર હોવાનો દાવો કરતી કંપનીમાં સિનિયર હોદ્દા પર તેમજ કલ્યાણમાં રહેતી યુવતી સાથે ૧૬ લાખ રૂપિયાની છેતરપીંડી કરવામાં આવી છે. લગ્નની લાલચ બતાવી ઓનલાઈન છેતરપિંડીનો પર્દાફાશ થતાં ખડકપાડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. કલ્યાણ પશ્ચિમમાં ખડકપડા વિસ્તારમાં રહેતી એક યુવતી નવી મુંબઈની એક ખાનગી કંપનીમાં મોટા પદ પર નોકરી કરે છે. ૨૦૧૭માં, યુવતીએ જીવન સાથી ડોટ કોમ પર લગ્ન માટે નોંધણી કરાવી હતી. ત્રણ વર્ષ પછી, નવેમ્બર ૨૦૨૦માં, પ્રકાશ શર્મા નામનો યુવકનો યુવતી સાથે સંપર્ક કર્યો. યુકેમાં એમડી ડોક્ટર હોવાનું. શર્માએ કહીને તે યુવતી સાથે લગ્ન કરવા તૈયાર હોવાનું જણાવ્યુ હતુ. ત્યારબાદ બંનેએ ચેટિંગ દ્વારા ચર્ચા શરૂ કરી. જાન્યુઆરીમાં પોતે ભારત આવશે, એમ તેણે યુવતીને કહ્યું. ૨૩ જાન્યુઆરીએ પ્રકાશ શર્માએ ફોન કરીને કહ્યું કે તે દિલ્હી એરપોર્ટ પર પહોંચ્યો છે. જો કે તેની પાસે સોનું હોવાથી કસ્ટમ અધિકારીએ તેને પકડ્યો છે. તે માટે પૈસા ચૂકવવા તેણે,૬૫ હજાર માંગતા સંબંધિત યુવતીએ નેટ બેંકિંગ દ્વારા પ્રકાશને પૈસા ચુકવ્યા હતા. ત્યારબાદ ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ પ્રકાશ શર્માએ અન્ય બહાના બતાવીને તેની પાસેથી આશરે ૧૬ લાખ ૫૦ હજાર રૂપિયા લીધા હતા અને ત્યાર બાદ તે અચાનક ગાયબ થઈ ગયો હતો. તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનું સમજીને યુવતી કલ્યાણના ખડકપાડા પોલીસ સ્ટેશન દોડી ગઈ હતી. ખડકપાડા પોલીસ મથકના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક અશોક ખડકે આ કેસમાં તપાસ શરૂ કરીને છેવટે આ મામલે ગુનો નોંધવામાં આવ્યો છે. ઓનલાઈન તપાસ આ એક પ્રકારનું છેતરપિંડી હોવાથી પોલીસ તપાસ કરી રહી છે. જોકે, ઉચ્ચ હોદ્દા પર રહેતી યુવતીને ૧૬ લાખની છેતરપીંદી કરવામાં આવી છે, જેનાથી કલ્યાણમાં હંગામો મચી ગયો છે. સવાલ એ છે કે પોતાને યુકેમાં એમડી ડોક્ટર કહેવાતા પ્રકાશ શર્માનું અસિત્ત્વ છે કે કેમ. ફક્ત નામ બદલીને માત્ર છેતરપિંડી કરવામાં આવી છે. હવે પોલીસ તપાસમાં સત્ય બહાર આવશે. દરમિયાન પોલીસે આ મામલે ગુનો નોંધી નાગરિકોએ આવી લાલચનો ભોગ ન બનવાની અપીલ કરી છે.

# મુંબઈ મહાપાલિકાની ઘુમ જાવ : દરિયાના પાણીને મીઠુ કરવાની ફાઈલ ફરી ખોલી

### ૨૦૨૨ની ચૂંટણીને પગલે લોલીપોપનો વિપક્ષનો આક્ષેપ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૦

૨૦૨૨મા મુંબૈ મહાપાલિકાની ચૂંટણી યોજાવાની છે ત્યારે સત્તાધારી પક્ષ શિવસેના દ્રારા મતદારોને ફરી લોલીપોપ આપી છે.દરિયાના પાણીને૪ મીઠુ બનાવી મુંબઈગરાની પાણીની તરસ છિપાવાશે તે પ્રયોગની ફાઈલ ફરી ખોલી છે જેને વિપક્ષોએ લોલીપોપ ગણાવી શિવસેનાના અ પ્રોજેક્ટ પ્રત્યેની કેટલી વફાદારી છે તે પૂરવાર કરવાનો પ્રયત્ન કર્યો હતો૨૦૦ મિલિયન લિટર પાણીના માટે લગભગ ૧૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે, ત્યારે પાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને શિવસેનાએ તેની જાહેરાત કરી હોવાનો આરોપ વિરોધપક્ષ સહિત ભાજપે કર્યો છે. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની ભલામણ મુજબ દરિયાના પાણીને મીઠા કરવાનો પ્રસ્તાવ પાલિકા પ્રશાસન સ્થાયી સમિતિમાં લાવી હતી. તે માટે સલાહકાર તરીકે નીમવામાં આવેલી ખાનગી કંપનીને છ કરોડ રૂપિયા આપવામાં આવવાના છે. આ પ્રોજેક્ટ પ્રતિદિન ૨૦૦ મિલિયન લિટર જેટલા પાણીની ક્ષમતાનો હોઈ ભવિષ્યમાં તે ચારસો મિલિયન લિટર જેટલી ક્ષમતા સુધીનો વિસ્તારીત કરવામાં આવશે. ૨૦૦ મિલિયન લિટર જેટલી ક્ષમતાના પ્રોજેક્ટ માટે ૧૯૦૦ કરોડ રૂપિયા ત્યારબાદ ૨૦ વર્ષની દેખરેખ અને સમારકામ માટે ૧૯૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે. આ પ્રોજેક્ટના સલાહકારને ગ્રાઉન્ડ સર્વે, જીઓગ્રાફીકલ સર્વે, ઓશિનોગ્રાફીક સર્વે, ઍન્વાયમેન્ટલ ડિટરમિનેશન સ્ટડી (દરિયા અને જમીન પરની), કોસ્ટલ રૅગ્યુલેશન રિજનલ સ્ટડી અને પ્રોજેક્ટ માટેનો ખર્ચ તેની દેખરેખ, સમારકામ વગેરેનો અંદાજપત્ર બનાવવાની જવાબદારી રહેશે. દરિયાના પાણીને મીઠી કરવાનું શક્ય બન્યું તો પણ આ પાણી પીવાયોગ્ય નહીં હોય. આ પ્રોજેક્ટનો કોઈપણ પ્રકારનો અભ્યાસ નહીં કરતા પર્યાવરણ પ્રધાન આદિત્ય ઠાકરેને ખુશ કરવા માટે આ પ્રોજેક્ટ હાથમાં લેવામાં આવ્યો છે. પ્રત્યક્ષમાં આ પ્રોજેક્ટ ટેક્નિકલી અશક્ય છે, છતાં મુંબઈગરાના પૈસાનું પાણી કરવામાં આવી રહ્યું છે, એવો આરોપ વિરોધપક્ષ નેતા કૉંગ્રેસના રવી રાજાએ કર્યો હતો. સમાજવાદી પાર્ટીએ કહ્યું હતું કે પાલિકાની આગામી વર્ષે થનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને દરિયાના પાણીને મીઠું કરવાના પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે. કરદાતાઓના પૈસાનું પાણી કરવાનું કામ શિવસેના કરી રહી છે. ભાજપે પણ પાલિકાની તિજોરીના તળિયા દેખાઈ રહ્યા છે ત્યારે ટૅન્ડર બહાર નહીં પાડતા જ સલાહકાર નીમીને આ પ્રોજેક્ટને અમલમાં મૂકવા સામે વિરોધ દર્શાવ્યો છે. મુંબઈમાં પ્રતિદિન ૯૦૦ મિલિયન લિટર પાણીનું ગળતર થતું રોકવામાં આવે તો ૨૦૦ મિલિયન લિટર જેટલા પાણીને મીઠુ કરવા માટે કરોડો રૂપિયા ખર્ચવાની આવશ્યકતા નહીં પડશે એવી સલાહ પણ ભાજપે આપી છે.

# પ્રોપર્ટી ટેક્ષ બાકી હશે તો પાલિકા મિલ્કત જપ્ત કરી વેચાણ કરશે

### ૧૫ હજાર કરોડની વસૂલી બાકી

ચક્રવાત ટીમ,મુંબઈ ૧૦

મુંબઈ મહાનગર પાલિકાએ આર્થિક નુકશાની ઓછી કરવા પ્રોપર્ટી ટેક્ષ ન ભરનારાઓ સામે વ્સૂલી અને મિલકતનું વેચાણ કરવાનું શસ્ત્ર ઉગામવાનું નક્કી કર્યુ છે.કોરોનાને પગલે મુંબઈ મહાનગરપાલિકા ચાલુ આર્થિક વર્ષમાં અપેક્ષિત પ્રોપર્ટી ટૅક્સ વસૂલ કરી શકી નથી. પાલિકાનો લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટૅક્સ વસૂલ કરવાનો બાકી છે. આપેલી મુદતમાં પ્રોપર્ટી ટૅક્સ નહીં ભરનારાઓની મિલકતની જપ્તીની કાર્યવાહી પાલિકા દ્વારા કરવામાં આવી રહી છે, જોકે મહેસુલ મેળવવા માટે જપ્ત કરેલી મિલકતની લિલામી અથવા વેચાણ કરવાનો અધિકાર પાલિકાને નથી. તે માટે પાલિકાએ કાયદામાં સુધારણા કરવાની મંજૂરી સ્થાયી સમિતિએ પાલિકા પ્રશાસનને આપી છે. જકાત બંધ થયા બાદ પાલિકાની આવકનો મુખ્ય સ્રોત પ્રોપર્ટી ટૅક્સ હોઈ તેની વસૂલી પર પાલિકા ભાર મૂકી રહી છે. છતાં અનેક મોટા પ્રોપર્ટીધારકો દ્વારા કરોડો રૂપિયાનો પ્રોપર્ટી ટૅક્સ ભરવામાં આવ્યો નથી. અમુક પ્રોપર્ટી ટૅક્સને લગતા કેસ કોર્ટ પ્રક્રિયામાં અટવાયેલા છે. તો અમુક ડિફૉલ્ટરોની પ્રોપર્ટી પાલિકાએ જપ્ત કરી છે પણ જપ્ત કરેલી પ્રોપર્ટી એમ જ પડી રહેતી હોય છે. તેમાંથી પાલિકાને કોઈ મહેસુલ મળતું નથી અને નુકસાન જ થતું હોય છે. જપ્ત કરેલી પ્રોપર્ટીની લિલામી કરવાની અથવા તેનું વેચાણ કરવાનો અધિકાર પાલિકાને નથી. એવી કોઈ પૉલિસી નહીં હોવાને કારણે પ્રોપર્ટી જપ્ત કયા બાદ પણ પાલિકાને કોઈ ફાયદો થતો નથી. તેથી જપ્ત કરેલી મિલકતમાંથી મહેસુલ મળે એ પ્રકારે પૉલિસી તૈયાર કરવાની આવશ્યકતા હોવાનો મત નગરસેવકોએ વ્યક્ત કર્યો હતો.

## સુદેશ લહેરી, પ્રીતિ-પિંકી, એકતા જૈનને ચોથા મહાન ભારતીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા



બુદ્ધ ક્રિએશન ઓફ ઈન્ડિયન સિનેમાએ જુહુની રામાડા પામ ગ્રુવ હોટેલમાં ચોથા મહાન ભારતીય એવોર્ડનું આયોજન કર્યુ હતું, જેમાં અભિનેતા અને હાસ્ય કલાકાર સુદેશ લહેરી, ગાયકની જોડી પ્રીતિ-પિંકી, સોશ્યલ મીડિયા સેંસેશન એકતા જૈન, મુકેશ ગૌતમ, ડો.એન. હેગડે અને અન્ય મહેમાનોને. એવોર્ડ આપવામા આવ્યા હતા.

# બનાવટી દસ્તાવેજો વડે આધારકાર્ડ બનાવી લેનારા ૧૦ નેપાળીઓની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૦



વગર પૂરાવાએ બનાવટી દસ્તાવેજો વડે આધાર કાર્ડ બનાવી આપનાર એજન્ટ તેમજ ઓપરેટરની અટક બાદ તપાસમા તે આધારકાર્ડ બનાવી લેનાર ૧૦ વિદેશી (નેપાળી)ઓની ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ દ્વારા અટક કરવામા આવી છે. આધાર કાર્ડ બનાવવા માટે વ્યક્તિ પાસે કોઈ પૂરાવા ન હોવા છતા વધારે રુપિયા પાંચ થી સાત હજાર લઈ બનાવી આપનાર બે જણની ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૧૧ના અધિકારીઓએ બોરીવલી પશ્રિમમા ચામુંડા સર્કલ પાસે આવેલ કેનેરા બેંકમા આધાર કાર્ડ બનાવવા માટે સેન્ટરના સેન્ટર પર ૨ ફેબ્રુઆરીએ છાપો માર્યો હતો.તેમજ સેન્ટરના ઓપરેટર અને એજન્ટની ધરપકડ કરી હતી.તપાસમા અટક કરેલ આરોપીઓ દ્વારા ૧૦ નેપાળીઓને વગર દસ્તાવેજોએ આધારકાર્ડ બનાવીને આપ્યા હોવાનું બહાર આવતા તેઓની ૮ ફેબ્રુઆરીએ અટક કરવામા આવી છે. અટક કરેલ નેપાળીઓને કોર્ટમા રજૂ કરતા ૧૨ ફેબ્રુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે..નેપાળમાથી દેશમા આવીને એજન્ટની સહાયે વધારે પૈસા આપી આધારકાર્ડ પ્રાપ્ત કરી તેઓ ભારત દેશના વતની હોવાના પૂરાવા રજુ કરતા હતા.

# પોર્ન ફિલ્મનું કૌભાંડ સુરત પહોંચ્યું, અત્યાર સુધીમા ૯ આરોપીઓની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૦

અભિનય ક્ષેત્રમા પ્રવેશ મેળવવા ઈચ્છુક નવી યુવતીઓને લાલચમા ફસાવી તેઓના પોર્ન વીડિયો બનાવવાનું કૌભાંડ દિવસેને દિવસે વધી રહ્યું છે.પોર્ન ફિલ્મના રેકેટનો તાર ગુજરાતના સુરતમાં પહોંચી ગ્યો છે. મુંબઈ ક્રાઈમ બ્રાંચે સૂરતથી તનવીર હાશ્મી નામના આરોપીની અટક કરી છે. તેને મુંબઈના ફોર્ટ કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોના જણાવ્યા અનુસાર, તનવીર વિવિધ ઓટીટી એપ્સ પર અશ્લીલ મૂવી અપલોડ કરતો હતો. પોર્ન ફિલ્મ કેસમાં આ નવમી ધરપકડ છે. ગયા અઠવાડિયે ક્રાઈમ બ્રાંચની મિલકત શાખાએ એક પોર્ન પ્રોડક્શન કંપનીનો પર્દાફાશ કર્યો હતો જેણે શ્રેણી, વેબ સિરીઝ અને મૂવીઝમાં ભૂમિકા મેળવવાના પ્રયાસમાં યુવતીઓના અશ્લીલ વીડિયો બનાવ્યા હતા. હકીકતમાં, આ કેસમાં પહેલી એફઆઈઆર ગત સપ્તાહે દાખલ કરવામાં આવી હતી જ્યારે વરિષ્ઠ નિરીક્ષકો કેદરી પવાર અને લક્ષ્મીકાંત સાલૂંકે મલાડના મડ આઈલેન્ડ પર દરોડા પાડ્યા હતા અને ત્યાંથી પાંચ લોકોને ધરપકડ કરી હતી. આ કેસ બાદમાં અભિનેત્રી-મોડેલ ગહના વશિષ્ઠ, મોટી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ઉમેશ કામત અને હોથિટ મૂવીઝ એપના ડિરેક્ટર શાન બેનર્જી ઉર્ફે દિવાંકર ખાસ્નવીસની ધરપકડ કરવામાં આવી. સોમવારે ઝારખંડની એક યુવતીની ફરિયાદના આધારે આ કેસની બીજી એફઆઈઆર માલવણી પોલીસમાં નોંધાઈ હતી. આ મામલે ધરપકડ કરાયેલા તમામ આરોપીઓના બેંક ખાતાઓની વિગતો મુંબઈ ક્રાઈમ બ્રાંચ કાઢી રહી છે અને આ મામલે બેંકોને મેઈલ કરવામાં આવ્યા છે જ્યાં આરોપીઓના ખાતા છે. કેટલાક આરોપીઓના બેંક ખાતામાં થાપણ પણ ફ્રીજ કરવામા આવ્યા છે. પોલીસને શંકા છે કે પોર્ન પ્રોડક્શન કંપનીને નામાંકિત બોલીવુડ અભિનેત્રીના પતિની કંપની દ્વારા નાણાં ફાયનાંન્સ કરવામા આવ્યા છે. તેથી, આ કેસમાં તેના પતિની પણ પૂછપરછ કરવામાં આવે તેવી સંભાવના છે.

# સીપીઓના વાયદાઓમાં ૫૦,૮૫૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૦,૧૨૦ ટનના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૦

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૯૪૩૨ સોદામાં રૂ.૧૧૫૭૦.૮૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે ચાંદીમાં પીછેહટ વાયદાના ભાવમાં થઈ હતી. તમામ બિનલોહ ધાતુઓ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)ના વાયદાઓમાં ૫૦,૮૫૦ ટનના નોંધપાત્ર વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૦,૧૨૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. સીપીઓના વાયદાના ભાવમાં સીમિત સુધારો થયો હતો. કપાસ, કોટન અને રબરના વાયદા નરમ રહ્યા હતા, જ્યારે મેન્થા તેલમાં વૃદ્ધિ થઈ હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૪૬૭૭ સોદાઓમાં રૂ.૪૩૪૭.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૧૩૯ અને નીચામાં રૂ.૪૭૯૨૬ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ વધીને રૂ.૪૭૯૫૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૮૩૫૬ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર ૧ ગ્રામદીઠ રૂ.૪૭૬૫ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪ ઘટીને બંધમાં રૂ.૪૭૭૯૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૯૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૯૪૮ અને નીચામાં રૂ.૬૯૩૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૧ ઘટીને રૂ.૬૯૪૧૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૭૯ ઘટીને રૂ.૬૯૩૫૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૬૭ ઘટીને રૂ.૬૯૩૫૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૫૦૭૩ સોદાઓમાં રૂ.૨૬૭૫.૩૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૨૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૨૮૫ અને નીચામાં રૂ.૪૨૩૯ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮ વધીને રૂ.૪૨૭૫ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૨૭૨ સોદાઓમાં કુલ રૂ.૫૫૯.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૪૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૪૯૦ અને નીચામાં રૂ.૨૧૩૭૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૦ ઘટીને રૂ.૨૧૪૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૦૮.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૮ વધીને બંધમાં રૂ.૧૦૧૬.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૨ અને નીચામાં રૂ.૯૫૮.૫ રહી, અંતે રૂ.૯૬૦ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૨૭.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૩૩ અને નીચામાં રૂ.૧૨૨૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ ઘટીને રૂ.૧૨૨૮.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

# ગીરગઢડાના ધોકડવા નજીક ટ્રક પાછળ સ્કુલ બસ ધુસી જતાં ડ્રાઈવરનો બચાવ



ચક્રવાત ટીમ અશોક જેઠવા, તા.૧૦

ગીરગઢડાના ધોકડવા ગામ નજીક દ્રોણેશ્વર ગુરૂકુલની સ્કુલ બસ રસ્તા પર ઉભેલા ટેન્કરના પાછળના ભાગે ધડાકાભેર ભટકાતા અકસ્માત સર્જાયો હતો. જોકે આ સ્કલ બસ દ્રોણેશ્વર ગુરૂકુલ વિદ્યાર્થીઓને ઉતારી પરત આવી રહી હતી. ત્યારે બસનો ડ્રાઈવર સ્ટેરીંગનો કાબુ ગુમાવી દેતા રસ્તા પર ઉભેલા ટેન્કરના પાછળના ભાગે ધડાકાભેર ધુસી જતાં સ્કુલ બસનો આગલો મોરો ટેન્કરના પાછળ ધુસી ગયો હતો. જોકે આ અકસ્માતની ધટના દરમ્યાન ડ્રાઈવરનો આબાદ બચાવ થયેલ અને સદનસીબે કોઈ જાનહાની થયેલ ન હતી. અને સ્કુલ બસમાં નુકસાન થયેલ હતું.

# ઉનાના નાઠેજ-યાજપુરની શાહી નદી ૮ થી ૧૦ ફુટની મગર આવી ચડતા લોકોમાં ભય



ચક્રવાત ટીમ ઉના, તા.૧૦

ઉના તાલુકાના નાઠેજ અને યાજપુર ગામ વચ્ચેથી પસાર થતી શાહી નદીમાં ૮ થી ૧૦ ફુટની મહાકાય મગર આવી ચડતા લોકોમાં ભયનો માહોલ ફેલાયેલ હતો. જોકે નદીના પાણીમાં આ મગર જોવા મળતા આજુબાજુના ગામના લોકો મગરને નિહાળવા ઉમટી પડ્યા હતા. આ મગર કોઈને હાની પહોચાડે તે પહેલા વનવિભાગ દ્વારા પકડી પાડી દૂર જંગલમાં મુક્ત કરવા ગામ લોકોની માંગણી ઉઠવા પામેલ છે.

# ઉનામાં વાડીના કુવામાં નિલગાય ખાબકતા મોત



ચક્રવાત ટીમ ઉના, તા.૧૦

ઉના ગીરગઢડા રોડ પર આવેલ જશરાજ નગર વિસ્તારમાં આવેલ વાડીના ખુલ્લા કુવામાં રાત્રીના સમયે જંગલી નિલગાય ખાબક્તા કુવાના પાણીમાં ડુબી જતાં મોત નિપજ્યુ હતું. જશરાજ નગર વિસ્તારમાં રહેતા લખમણભાઈ નારણભાઈ સોલંકીની ખેતીની જમીન આવેલ હોય આ વાડીમાં આવેલ ખુલ્લા કુવામાં રાત્રીના સમયે જંગલી નિલગાય પસાર થતી વખતે અચાનક પડી જતાં કુવાના ઉંડા પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યુ હતુ. જોકે વાડી માલીકને વહેલી સવારે નિલગાયને મૃત હાલતમાં કુવામાં પડેલ નજરે પડતા તાત્કાલીક વનવિભાગને જાણ કરી હતી. અને વનવિભાગનો સ્ટાફ ધટના સ્થળે દોડી ગયેલ હતો. અને મૃતક કોહવાઈ ગયેલ હાલતમાં નિલગાયનો મૃતદેહ કુવામાંથી જેસીબી તેમજ દોરડાની મદદ વડે મહામહેનતે બહાર કાઢવામાં આવેલ.

# હડિયાણા ગામના વૃધ્ધાએ પોતાની બચતમૂડી રૂા. ૧૧૧૧૧ રામમંદિર માટે દાનમાં આપી



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૦

શ્રી રામ જન્મભૂમિ તિર્થ ક્ષેત્ર નિધિ અર્પણ અંતર્ગત આજરોજ ગંગાસ્વ માતૃશ્રી કંચનબા રામસંગ વાઢેર એ પોતાની વ્રુધા અવસ્થામા કરકસર કરી ને પોતાના પેન્શનમાથી રામસેવા માટે બચત કરેલ રકમ તેમના આત્મવિશ્વાસ મુજબ ખરો સમય આવતા તેમજ તેમને નેમ મુજબ રામે આપેલ શ્રી રામના ભગીરથ કાર્યમા આજરોજ રૂ ૧૧૧૧૧ અગીયાર હજાર એકસો અગીયાર પુરા હડિયાણા મંડલ પ્રમુખ રમેશભાઈ કાલાવડિયાને રોકડાથી નિધિ સમર્ણ મળેલ છે.

# ઉના ભીમપરા વાડીમાં બે ઢેલ અને બે બચ્ચા તડફડતા બિમાર હાલતમાં મળી આવ્યા

## વનવિભાગે ચારે પક્ષીને જશાધાર એનિમલકેર સેન્ટર ખાતે સારવારમાં ખસેડાયા



ચક્રવાત ટીમ ઉના, તા.૧૦

ઉના શહેરના ભીમપરા વાડી વિસ્તારમાં સાંજના સમયે અચાનક ચાર ઢેલ તડફળતા બિમાર હાલતમાં મળી આવતા વનવિભાગ દોડતુ થયેલ અને તાત્કાલીક ધટના સ્થળેથી બે ઢેલ અને તેના બે બચ્ચાને સારવાર માટે જશાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયેલ છે. ભીમપરા વાડી વિસ્તારમાં આવેલ પુનાભાઈ નથુભાઈ વાજાની વાડીમાં ધઉં, ફુલ તેમજ શાકભાજી કોબીનું વાવેતર કરેલ હોય સાંજના સમયે વાડી માલીક પોતાની વાડીમાં જતાં બે ઢેલ અને તેના બે બચ્ચા વાડીમાં વાવેતર કરેલ પાકમાં તડફળતા બિમાર હાલતમાં જોવા મળતા આ ચારેય પક્ષીઓ ઢેલ ઉંડી શક્તા ન હતા કે ચાલી પણ શક્તા ન હતા. જેથી વાડી માલીકે તાત્કાલીક વનવિભાગને જાણ કરવામાં આવતા વનવિભાગ સ્થળ પર પહોચી ગયેલ અને આ બે ઢેલ અને તેના બે બચ્ચા બિમાર હાલતમાં લઈ સારવાર માટે જશાધાર એનિમલકેર સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ જેમાં સારવાર દરમ્યાન ત્રણ ઢેલ સ્વસ્થ થઈ ગયેલ જ્યારે એક ઢેલની હાલત નાજુક હોવાથી સારવાર હેઠળ હોવાનું વનવિભાગે જણાવેલ હતું. જોકે અગાઉ ચિખલી ગામે મરધામાં બ્લર્ડ ફ્લુનો રીપોર્ટ પોઝીટીવ આવતા ૨૦૦ થીવધુ મરધાનો નાશ કરવામાં આવેલ હતા. વનવિભાગના જણાવ્યા મુજબ વાડીમાં દવાવાળુ શાકભાજી હોય જેના કારણે ચારેય ઢેલને અસર થઈ હોવાનું જણાવેલ હતું. જેમાં ઢેલના બે બચ્ચા એક વર્ષની ઉંમરના હોવાનું જણાવેલ હતું.

# BTSના જિલ્લા પ્રમુખ સહિત ૨૦૦થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાયા



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૧૦

ઝઘડિયા તાલુકા ના ભાલોદ ગામના રહેવાસી અને ભરૂચ જીલ્લા બી.ટી.એસ. પ્રમુખ સંદીપ અરવીંદ ભાઈ વસાવા ૨૦૦ કરતા વધુ કાર્યકરો સાથે રાતોરાત ભારતીય જન્તા પાર્ટીમા જોડાયા, સંદીપ વસાવા BTS અને BTP પાર્ટી સાથે વર્ષોથી જોડાયેલા હતા,પક્ષમા નારાજગીના કારણે બીટીપી છોડીને ભારતીય જનતા પાર્ટી મા જોડાયા હોવાનુ જણાવ્યું,સાથે ભાલોદ ગામના આદીવાસી સમાજના યુવાનો તેમજ મુસ્લિમ યુવાનો પણ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

# ઊનાના સનખડા ગામે એ.ટી. એમ. મશીન બંધ થતા લોકો હેરાન પરેશાન

## બેંકના અંદર એ.ટી.એમ મશીન હોવાથી જરૂરીયાત સમય ગ્રાહકો પોતાના નાણા ઉપાડી શક્તા નથી



ચક્રવાત ટીમ ઊના, તા.૧૦

ઉનાના સનખડા ગામે આવેલ એસ બી આઈ બેંકની અંદર રાખવામાં આવેલ એટીએમ મશીન છેલ્લા ધણા દિવસોથી બંધ હાલતમાં હોવાના કારણે ગામના લોકો તેમજ આજુબાજુના ૧૩ જેટલા ગામો માંથી આવતા બેંકના ગ્રાહકો હેરાન પરેશાન થઈ ગયા છે. જોકે એ ટી એમ મશીન બેંકના અંદર હોવાથી બેંકના સમયે ૧૧ થી ૫ વાગ્યા સુધી ઉપયોગ થાય છે. જ્યારે રાત્રીના સમયે અથવા તો જરૂરીયાત સમયે એ ટી એમ મશીન માંથી નાણા ઉપાડી શક્તા નથી. જેથી આ બાબતે ગ્રામજનો દ્વારા અવાર નવાર બેંક મેનેજરને રજુઆતો કરવા છતાં આજ સુધી એટીએમ મશીન બેંકના બહાર મુકવામાં ન આવતા ગ્રાહકો પોતાના નાણા જરૂરીયાત સમયે લઈ શક્તા નથી. આમ બેંકના અંદર રહેલ આ એટીએમ મશીન છેલ્લા ધણા દિવસોથી બંધ હાલતમાં હોવાના કારણે ૧૩ ગામોના લોકો અને દૂર દૂરથી આવતા ખેડૂતો પરેશાની ભોગવી રહ્યા છે. તેમ છતાં બેંકના જવાબદાર અધિકારીઓના પેટનું પાણીય હલતુ ન હોય તેવો ધાટ સર્જાયેલ છે. જેથી ગ્રાહકોનાન હિતને ધ્યાને રાખી એટીએમ મશીન તાત્કાલીક ચાલુ કરી બેંકના બહાર મુકવા ગ્રામજનોની માંગણી ઉઠવા પામેલ છે.

# અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભા દ્વારા મહીસાગર જિલ્લા કલેકટરને આવેદન



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૦

મુદ્રા તાલુકાના સમાગોગા ગામે ગઢવી સમાજના ત્રણ યુવાનોને પોલીસ દ્વારા ધરપકડ કરી મારમારતા ત્યારબાદ બે યુવાનોના મોત નિપજતા દોષિતોની ધરપકડની કરી માંગ તમામ આરોપીઓની વહેલી તકે ધરપકડ થાય અને દોષિતોને સખ્ત સજાની કરી માંગ. અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભા પ્રદેશ ઉપાધ્યક્ષ લાલાભાઈ ગઢવી તથા ગઢવી સમાજમાંથી આવતા મહીસાગર જીલ્લામાં સામાજીક કાર્યકરો પણ ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# રામ જન્મભૂમીમાં ૧૧,૧૧૧નું દાન કરતા જોડીયાના આગેવાન



ચક્રવાત ટીમ જોડિયા, તા.૧૦

શ્રી રામ જન્મભૂમિ તિર્થ ક્ષેત્ર નિધિ અર્પણ અંતર્ગત જોડિયા ગામના વતની બ્રાહ્મણ સમાજ ના ભામાસા ગિરીશભાઈ જે. જોષી પોતે જોડિયા તાલુકા પંચાયત કચેરી ખાતે ફરજ બજાવતા અને હાલમાં નિવૃત પોતાના પેન્શન માથી રામસેવા માટે બચત કરેલ રકમ તેમના આત્મવિશ્વાસ મુજબ ખરો સમય આવતા તેમજ તેમને નેમ મુજબ રામે આપેલ શ્રી રામના ભગીરથ કાર્ય મા આજરોજ રૂ ૧૧૧૧૧/- જોડિયા મંડલ પ્રમુખ અશોકભાઈ નિમાવત ને રોકડાથી નિધિ સમપર્ણ કરેલ છે.

# સિરામીક ઉદ્યોગને આગળ લાવવા અમીત શાહને રજૂઆત કરતા જેરામભાઈ વાંસજાડીયા



ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૧૦

આજ રોજ જેરામભાઈ વાંસજાડીયા તેમજ આપણાએશોસીએસનના પ્રમુખ કીરીટભાઈ પટેલ, પુર્વ પ્રમુખ કે.જી.કુંડારીયા, જીતુભાઈ અઘારા (સીમ્પોલો) તેમજ શૈલેષભાઈ (કોમેટ) વગેરે ટીમે ભારતના કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ તેમજ કેન્દ્રીય કોમર્સ અને રેલ્વે મંત્રી પિયુષ ગોયલ સાહેબ સાથે એકસપોર્ટ વધારવા માટે એમઈઆઈએસ તેમજ અન્ય મુદ્દે રજુઆત કરી અને સિરામીક ઉધોગ આવનાર સમયમા નંબર વન ઉપર પહોચે તે માટે રજુઆત કરી અને એન્ટીડંપીંગ મુદ્દે પણ યોગ્ય કરવાની રજુઆત કરી અને અમિત શાહ સાહેબે હકારાત્મક રીતે યોગ્ય કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

# ઊના અને દેલવાડામાં પોલીસ અને આર.એ.એફ.ની ફેલ્ગમાર્ચ યોજાઈ



ચક્રવાત ટીમ ઊના, તા.૧૦

ઊના શહેરમાં તેમજ દેલવાડા ગામમાં ચુંટણી સબબ આર એ એફ અને ઉના પોલીસ સંયુક્તમાં શહેરના વિવિધ વિસ્તારોમાં નિકળી ફેલ્ગમાર્ચ કરવામાં આવેલ. જેમાં પી એસ આઈ જે.વી ચુડાસમા, દિલીંપસિંહ, અનિલભાઈ, તેમજ રમેશભાઈ સહીતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# ભાયાવદર શહેરના કોંગી આગેવાન દ્વારા રાજકોટમાં કોલકી બેઠક પર ફોર્મ ભરાતા હર્ષ



ચક્રવાત ટીમ, તા.૧૦

જીલ્લા પંચાયત રાજકોટની ૧૬ કોલકી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે સરોજબેન નયનભાઈ જીવાણીએ વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભરી ચુંટણી અધિકારીને ઉપલેટા ખાતે મામલતદાર કચેરીએ કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનોની હાજરીમાં રજુ કરેલ છે. સરોજ બેન જીવાણી તે ભાયાવદર નગરપાલિકાનાં પ્રમુખ નયનભાઈ જીવાણીના ધર્મ પત્ની છે અને તેઓ ભાયાવદર સેવા સહકારી મંડળીના પુર્વ સદસ્ય નગરપાલિકા ભાયાવદરના પુર્વ સદસ્ય તરીખે રહેલા એક કોંગ્રેસ પક્ષના મહીલા આગેવાન છે ભાયાવદર શહેર તથા આજુબાજુના ગામોમાં પણ એક એક સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમોમાં હર હંમેશ પોતાનું યોગદાન આપે છે માટે જ તેમની પસંદગી કોલકી જીલ્લા પંચાયતની ચુંટણીમાં ઉમેદવાર તરીકે કોંગ્રેસ પક્ષના સીનીયર આગેવાનો દ્વારા તેમની પસંદગી કરવામાં આવી છે. સરોજ બેન જીવાણીનુ ફોર્મ ભરવાના સમાચાર મળતાં જ કોલકી બેઠક પર આવતા દરેક ગામના દરેક સમાજના લોકોમા હર્ષની લાગણી ફેલાઈ ગઈ છે. આ તકે ઉપલેટા તાલુકાના પુર્વ પ્રમુખ લાખાભાઈ ડાંગર કોંગ્રેસ પક્ષના આગેવાન અને તાલુંકા પંચાયત ઉપલેટાના માજી ઉપ. પ્રમુખ અને પડવલાના સરપંચ પુંજા ભાઈ સુમરા અને તાલુકા રાજપૂત મસાજ ના આગેવાન અને માજી કારોબારી ચેરમેન જય દેવ સિંહ વાળા ઉપસ્થિત રહ્યા હતા નગરપાલિકા ભાયાવદરના પ્રમુખ નયનભાઈ જીવાણી અરણીનાં અરજણભાઈ ભારાય ઉપલેટા તાલુકાના કોંગ્રેસ પક્ષના ઉપ પ્રમુખ મનીષભાઈ સભાયા કોલકીના સૈલેશભાઈ ભાલોડીયા કલારીયાના દિનેશભાઈ ચનીયારા વડાળીના બાબુભાઈ મહીળા તેમજ વીવીધ ગામોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને પકડી પાડતી વંથલી પોલીસ



ચક્રવાત ટીમ, તા.૧૦

ધંધુસર ગામે રહેતો વિપુલ ઉર્ફે કડી સુરાભાઈ સુત્રેજા તથા નાગા લાખાભાઈ થાપલીયા તથા ભરત પરબતભાઈ મુળીયાસીયા તથા નવધણ નથુભાઈ થાપલીયા રહે.તમામ ધંધુસર વાળાઓ ગે.કા રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી હેરાફેરી કરે છે . અને ભરત મુળીયાસીયા તથા નવધણ થાપલીયા બંન્ને જણાઓ ઝાંપોદડ ગામથી નરેડી ગામ તરફ કબુતરી કલરની ફોરવ્હીલ ડેટસન ગો ટ્રસ્ટ કારમાં આવે છે . જેથી સદરહુ જગ્યાએ ઉપરોક્ત પો.સ્ટાફ સાથે વોચમાં હતા તે દરમ્યાન ઉપરોક્ત હકીકત વાળી કાર નીકળતા કારને રોકાવતા જેમા ( ૧ ) ભરત પરબતભાઈ મુળીયાસીયા જાતે મેર ઉ.વ .૨૩ ધંધો ખેતી ( ૨ ) નવઘણ નથુભાઈ થાપલીયા ભારતીય બનાવટનો વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલ નંગ -૮૮ જેની કુલ કિ.રૂ .૩૫,૨૦૦ / - તથા બીયર ટીન નંગ -૨૪ જેની કુલ કી.રૂ ૨૪૦૦ / તથા સેમસંગ કંપનીનો એન્ડ્રોઈડ મો ફોન -૧ કી.રૂ.૫ ૦૦૦ / - તથા સેમસંગ કંપનીનો સાદો કીપેડ વાળો મો ફોન - ૧ કી.રૂ ૫૦૦ / - તથા ફોરવીલ કાર - ૧ કી.રૂ .૧,૫૦,૦૦૦ - મળી કુલ રૂ .૧,૯૩,૧૦૦ / - મુદામાલ સાથે પકડી પાડી વંથલી પો.સ્ટે.માં ગુન્હો રજી . કરી ધોરણસર કાર્યવાહી કરવામાં હતી.

# રાણા ખીરસરાના વૃદ્ધાશ્રમમાં વિધાર્થીઓ અને વડીલોએ મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લીધી



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૦

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત પોરબંદર જિલ્લામાં મતદારો ખાસ કરીને યુવા વર્ગમાં મતદાન અંગે જાગૃતિ લાવવા જિલ્લા ચૂંટણી અધિકારી ડી.એન. મોદીના માર્ગદર્શન હેઠળ નોડલ અધિકારી અને ટીમ દ્વારા વિવિધ કોલેજો તથા સંસ્થાઓમાં શહેરી તથા ગ્રામિણ વિસ્તારોમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત પોરબંદર જિલ્લાના રાણા ખીરસરા ગામે મતદારોમા મતદાન પ્રત્યે જાગૃતતા આવે તે હેતુથી વિધાર્થીઓએ સાયકલ રેલી યોજી હતી. આ ઉપરાંત રાણા ખીરસરા ગામે આવેલા વૃધ્ધાશ્રમમા નિવાસ કરતા વડીલોએ પણ મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લેવાની સાથે અન્યને મતદાન કરવા પ્રેરણા પણ પુરી પાડી હતી. મતદાર જાગૃતિ વિષયક આ કામગીરીનું સંકલન સ્વેપ નોડલ અધિકારી કાશમીરાબેન સાવંત તથા મદદનીશ સ્વેપ નોડલ એસ. એચ.સોની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# તાપીમાં પોલીસને મળી મોટી સફળતા, લાખોના મુદ્દામાલ સાથે ચોર ટોળકી ઝડપાઈ

(જી.એન.એસ.)તાપી,તા.૧૦

ગુજરાતમાં જ્યારે સુરક્ષાની વાત આવે ત્યારે સબ સલામતીના દાવા તો કરવામાં આવે છે પરંતુ જ્યારે તથ્યો પર નજર કરીએ તો દ્રશ્ય કંઈક બીજુ જ બતાવે છે. સારી વાત એ છે કે જેટલા સક્રિય ગુનેગારો થયા છે તેમને ઝડપી પાડવામાં માટે પોલીસ વધુ સક્રિય થઈ ગઈ છે. આ ઘટના તાપીની છે જ્યાં જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. એલસીબીએ કુખ્યાત આંતર રાજ્ય ચોર ગેંગના ત્રણ સાગરીતોને ઝડપી પાડી લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તાપી જિલ્લામાં અલગ અલગ જગ્યાઓ પર દિવસ દરમિયાન ચોરીની ઘટનાઓ પોલીસના ચોપડે નોંધાઈ હતી.

## 'ટૂ ફૂલ ફોર ધ પૂલ'




ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને તેની પત્ની નતાશા પુત્ર અગસ્ત્ય સાથે પ્રથમવાર સ્વિમિંગ પૂલમાં ગયાં હતાં. તેમણે બુધવારે સોશિયલ મીડિયા પર ફોટોઝ શેર કરીને આ અંગે જાણ કરી હતી. હાર્દિકે કેપ્શનમાં લખ્યું- 'ટૂ ફૂલ ફોર ધ પૂલ.' હાર્દિકે કુલ ૪ ફોટોઝ શેર કર્યા છે, જેમાંથી ૨માં ડેડી, મમ્મી અને અગસ્ત્ય દેખાય છે. એક ફોટોમાં હાર્દિક અને નતાશા હોટ અંદાજમાં પોઝ કરતાં દેખાય છે તો એક ફોટોમાં હાર્દિકે અગસ્ત્યને પૂલમાં પકડ્યો છે.

## એશ્લે હાર્ટે માત્ર ૪૪ મિનીટમાં બે વાર હરાવી કોવિનિચને

મેલબોર્ન,તા.૧૦

દુનિયાની નંબર-૧ મહિલા ટેનિસ ખેલાડી એશ્લે બાર્ટી સરળ રીતે ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. ઓસ્ટ્રેલિયાની બાર્ટીએ મોન્ટેનેગ્રોની ડેન્કા કોવિનિચને ૬-૦, ૬-૦થી હરાવી. ટોપ સીડ બાર્ટીએ પ્રથમ રાઉન્ડની મેચ માત્ર ૪૪ મિનિટમાં જીતી લીધી.

બીજી તરફ પૂર્વ નંબર-૧ વિક્ટોરિયા અઝારેન્કા ઉલટફેરનો ભોગ બની. તે બિનક્રમાંકિત જેસિકા પેગુલા સામે ૭-૫, ૬-૪થી હારીને પ્રથમ રાઉન્ડમાં જ બહાર ફેંકાઈ ગઈ છે. આ દરમિયાન ૨૪ વર્ષની મેયર શેરિફ કોઈ ગ્રાન્ડ સ્લેમના મુખ્ય રાઉન્ડની મેચ જીતનારી



ઈજિપ્તની પ્રથમ મહિલા ખેલાડી બની છે. શેરિફે ફ્રાન્સની કોલ પેક્કેટને ૭-૫, ૭-૫થી હરાવી. બીજી મેચમાં પ્લિસકોવા, એનેટ કોન્ટાવેટ, કોકો ગોફ, હીથર વોટ્સન, સોફિયા કેનિન જીતી.

બીજો ક્રમાંકિત રાફેલ નડાલ ૧૫મી વખત બીજા રાઉન્ડમાં પહોંચ્યો છે. સ્પેનના નડાલે સર્બિયાના લાસ્લો ડેરેને ૬-૩, ૬-૪, ૬-૧થી હરાવ્યો.

## ઓસ્ટ્રેલિયન ક્રિકેટર રિકી પોન્ટિંગના ઘરમાંથી કાર લઈને ચોરો થયા ફરાર

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૯

ઓસ્ટ્રેલિયા મીડિયા 'ચેનલ ૭' એ એક ચોંકાવાનારા સમાચાર આપ્યા છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગના મેલબર્નવાળા ઘર પર ગત સપ્તાહે ચોરોએ ધાડ પાડી હતી. આ ઘટના ગત શુક્રવારે બની હતી જેમાં ચોર પોન્ટિંગના ઘરમાં ઘૂસવામાં સફળ રહ્યા. ચોર પોન્ટિંગના ઘરમાં રાખેલી કારને ચોરીને રફુચક્કર થઈ ગયા. કારને શોધવા માટે પોલીસને ઘણી મહેનત કરવી પડી. અંતે પોલીસે કારને મેલબર્નના કેમ્બર્વેલ વિસ્તારમાંથી શોધી કાઢી. જોકે કાર ચોરનારા બે આરોપોઓ પોલીસથી



બચવામાં સફળ રહ્યા. પોલીસ હજુ પણ સંદિગ્ધોની શોધખોળ કરી રહી છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન પોન્ટિંગના ઘરે જ્યારે ચોરી થઈ ત્યારે તે પોતાની પત્ની અને ત્રણ બાળકોની સાથે ઘરે જ હતો. રિકી પોન્ટિંગ ઓસ્ટ્રેલિયાનો સૌથી સફળ કેપ્ટન હોવાની સાથોસાથ સૌથી વધુ રન કરનારો બેટ્સમેન પણ છે. પોન્ટિંગે ૧૬૮ ટેસ્ટ મેચોમાં ૫૧.૮૫ની સરેરાશથી ૧૩,૩૭૮ રન કર્યા છે. બીજી તરફ તેણે ૩૭૫ વનડે મેચોમાં ૪૨ની સરેરાશથી ૧૩,૭૦૪ રન કર્યા છે.

## ખેડૂતોને આતંકવાદી ગણાવતા કંગના સામે કર્ણાટકમાં પોલીસ ફરિયાદ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૯

અભિનેત્રી કંગના રાણૌત શરૂઆતથી જ ખેડૂત આંદોલન અંગે અવાજ ઉઠાવે છે, અને પોતાની ટિપ્પણીઓને કારણે તે સતત હેડલાઈન્સ બનાવે છે. પરંતુ કંગનાએ એક પછી એક વિવાદાસ્પદ ટિપ્પણીથી ઘેરાયેલી રહે છે. તેમની સામે કર્ણાટકના બેલાગવી જિલ્લામાં ફરિયાદ નોંધાઈ છે.રાજધાની દિલ્હીમાં આંદોલન કરી રહેલા ખેડુતો પરની ટિપ્પણીઓને કારણે કંગના સામે ફરિયાદ કરવામાં આવી છે. અભિનેત્રીએ ભૂતકાળમાં ખેડૂત આંદોલનની ટીકા કરી હતી અને વિરોધ કરી રહેલા ખેડૂતોને આતંકવાદી ગણાવ્યા હતા. અહેવાલો અનુસાર, ખેડુતોને આતંકવાદી કહેવાના કારણે તેની વિરુદ્ધ પોલીસમાં ગુનાહિત ફરિયાદ નોંધાઈ છે. તેમની સામે શહેર વકીલ હર્ષવર્ધન પાટીલે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ કંગના વિરુદ્ધ આઈપીસીની કલમ ૧૫૩, ૧૫૪, ૫૦૩, ૫૦૪ ૫૦૫-૧, ૫૦૫ એ, ૫૦૫ બી, ૫૦૫-૨, અને ૫૦૬ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

હર્ષવર્ધન પાટીલે મીડિયા સાથે વાતચીત કરતાં કહ્યું કે જો પોલીસે કંગના સામે એફઆઈઆર નોંધવાની અને તપાસ શરૂ કરવાની ના પાડી તો તે કોર્ટમાં જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ તે બોલિવૂડ સ્ટાર્સ સામે પણ ફરિયાદ નોંધાશે જેઓ આંદોલનકારી ખેડૂતોનું અપમાન કરી રહ્યા છે.

## ઓસ્કાર ૨૦૨૧માં બેસ્ટ ઈન્ટરનેશનલ ફિચરની ફિલ્મમાંથી જલિકટ્ટુ બહાર, બિટ્ટુ ટોપ ૧૦માં સામેલ

નવી દિલ્હી,તા.૧૦

૯૩મા ઓસ્કર એવોર્ડમાં ભારત તરફથી 'જલિકટ્ટુ' મોકલવામાં આવી હતી. જોકે, અવોર્ડમાં શોર્ટલિસ્ટ કરાયેલી યાદીમાં આ ફિલ્મ સામેલ કરવામાં આવી નથી. કરિશ્મા દેવ દુબેની 'બિટ્ટુ' લાઈવ એક્શન શોર્ટ ફિલ્મમાં સામેલ છે. ફાઈનલ નોમિનેશનનું અનાઉન્સમેન્ટ ૧૫ માર્ચે થશે. અવોર્ડ સેરેમની ૨૫ એપ્રિલે યોજાશે.

કોમ્પિટિશન માટે ૧ ઓક્ટોબર ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ દરમિયાન રિલીઝ થયેલી ફિલ્મની પસંદગી કરવામાં આવી હતી.




ઓસ્કરમાં ૯૩ દેશોની ફિલ્મ વચ્ચે સ્પર્ધા છે.

કરિશ્મા દેવ દેબુના ડિરેક્શનમાં બનેલી 'બિટ્ટુ'માં મિત્રોની વાત કહેવામાં આવી છે. બે સ્કૂલે જતાં બાળકોની મિત્રતા બતાવવામાં આવી છે. આ ફિલ્મ વિશ્વભરના ૧૮ ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવવામાં આવી છે. ડિરેક્ટર લિજો પેલ્લિસરીની સટાયરિકલ-થ્રિલર મલયાલમ ફિલ્મ 'જલિકટ્ટુ'ને ભારત તરફથી સત્તાવાર એન્ટ્રી તરીકે મોકલવામાં આવી હતી.

૨૦૧૯માં ઝોયા અખ્તરની ફિલ્મ 'ગલીબોય' ૨૦૨૦ માટે ૯૨મા ઓસ્કર અવોર્ડની સત્તાવાર એન્ટ્રી હતી. આ પહેલાં રીમા દાસની 'વિલેજ રોકસ્ટાર્સ', અમિત મસુરકરની 'ન્યૂટન,' વેટ્રી મારનની 'વિસારાનઈ' તથા 'ચૈતન્ય તામ્હણે'ની 'કોર્ટ' પણ ફોરેન લેંગ્વેજ કેટેગરીમાં મોકલવામાં આવી છે. જોકે, આમાંથી એક પણ ફિલ્મ અવોર્ડ જીતી શકી નથી.

## ચેરીટી માટે વોર્ડરોબ આઈટમ ડોનેટ કરશે રણબીર કપૂર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૯

આલિયા ભટ્ટે અનાઉન્સ કર્યું છે કે તેનો બોયફ્રેન્ડ રણબીર કપૂર તેના વોર્ડરોબનો સામાન ચેરિટી માટે ડોનેટ કરી રહ્યો છે. આ વોર્ડરોબ આઈટમ્સથી જે કમાણી થશે તે કેન્સર સામે લડી રહેલા બાળકોના ન્યુટ્રિશનલ ફૂડ પાછળ ખર્ચ થશે. આ કામ માટે આલિયાનું ઓર્ગેનાઈઝેશન કો-એક્ઝિસ્ટ હેલ્પ કરશે. આ વાતની જાણકારી આલિયાએ સોશિયલ મીડિયા અકાઉન્ટ પર શેર કરી છે. રણબીરનો ફોટો શેર કરીને આલિયા લખે છે, ટડા, રણબીર તમારી સાથે વોર્ડરોબ શેર કરી રહ્યો છે.

ત્યારબાદ કેન્સર સામે લડતા બાળકોને જરૂરી પોષણ આપવા માટે આગળ કામ કરવામાં આવશે. આ કામમાં કડલ્સ ફાઉન્ડેશન મદદ કરશે. વર્ષ ૨૦૧૭માં આલિયાએ એક ઈકોલોજિકલ પહેલ કો-એક્ઝિસ્ટ શરૂ કરી હતી. આ પ્રાણીઓ અને ઈકોલોજિકલ મુદ્દે કામ કરે છે. આ પહેલનો હેતુ કમ્યુનિટીઝને એક એવા ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવાનો છે જ્યાં માણસ અને નેચરની હાર્મની કાયમ રહી શકે.

રણબીરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે જો કોરોના મહામારી આપણા જીવનમાં ન આવી હોત તો આ ડીલ સીલ થઈ ગઈ હોત. જોકે તેણે કઈ ન કહીને આને જિક્સ બનવાથી અટકાવી દીધું.

## વોર ફિલ્મીથી ડૂબ્યુ કરી રહી છે શિક્ષણમંત્રીની પુત્રી આરૂષિ પોખરિયાલ



મુંબઈ,તા.૧૦

એક્ટર્સ સાથે નેતાઓના પરિવારની પણ આગળની પેઢી ફિલ્મોમાં એન્ટ્રી લઈ રહી છે. આ લિસ્ટમાં કેન્દ્રીય શિક્ષા મંત્રી રમેશ પોખરિયાલ નિશંકની દીકરી આરુષિ નિશંકનું નામ સામે આવ્યું છે. તેના નજીકના લોકોએ આ વાતની પુષ્ટિ કરી છે અને જણાવ્યું કે તે એક વોર ફિલ્મ હશે. ફિલ્મના લીડ રોલમાં તાપસી પન્નુ, ભૂમિ પેડનેકર, કીર્તિ કુલ્હારી સાથે અન્ય બે એક્ટ્રેસ હશે. આની સ્ટોરી ડિફેન્સની મહાન ૬ મહિલા અધિકારીઓની દરિયાદિલી પર આધારિત છે. ફિલ્મમાં તે કોવર્ટ ઓપરેશન ચલાવે છે અને દુશમન દેશના ખરાબ ઈરાદાઓને અસફળ કરે છે.

ફિલ્મો પહેલાં આરુષિ એક મ્યુઝિક આલ્બમમાં દેખાશે. તેની જાણકારી તેણે ખુદ તેના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર આપી છે. ટી સિરીઝ માટે તેમણે રોહિત સૂચંતી સાથે એક મ્યુઝિક આલ્બમ પણ શૂટ કર્યો છે અને તેનું અનાઉન્સમેન્ટ પણ ટી સિરીઝ ટૂંક સમયમાં કરશે. ટી સિરીઝના અધિકારીઓએ પણ આરુષિની ફિલ્મના ડેવલપમેન્ટની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું, 'આ ફીમેલ સેન્ટ્રિક ફિલ્મ હશે. વોર ફિલ્મોમાં અત્યારસુધી મેલ ઓફિસર્સની વીરતા પર ફિલ્મો બનતી રહી છે. મહિલાઓ આધારિત જોઈએ તો બસ એક 'રાઝી' ફિલ્મ છે. આ ફિલ્મનું ટાઈટલ અને બાકી ડિટેલ્સ ધીરે- ધીરે જાહેર કરવામાં આવશે.'

નિશંક પરિવાર સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું કે, 'ફિલ્મ સાથે પ્રસૂન જોશી પણ જોડાયેલા છે. તે ખુદ પહાડોના રહેવાસી છે અને રમેશ પોખરિયાલના ક્લોઝ પણ છે. આવામાં પ્રસૂન આ પ્રોજેક્ટને પોતાની નજર હેઠળ ડેવલપ કરાવી રહ્યા છે.' ટ્રેડ પંડિતોએ આ ફિલ્મ સાથે જોડાયેલી અમુક અન્ય ડીટેલ્સ પણ શેર કરી છે. તે છે કે આ વોર ફિલ્મના ડિરેક્શન માટે પહેલી પસંદ ફિલ્મ 'ઉરી'ના ડિરેક્ટર આદિત્ય ધર છે અને તેમની સાથે પણ ફિલ્મને લઈને વાત થઈ છે. આદિત્ય હાલ રોની સ્ક્રૂવાલા પ્રોડક્શનની ફિલ્મ 'અશ્વત્થામા'માં વ્યસ્ત છે અને તે જોઈ રહ્યા છે કે તે આ ફિલ્મ માટે કેટલો ટાઈમ બચાવી શકે છે.

## મીરા રાજપૂત સાથે થયું એવું તો શું થયું કે શાહીદ કપૂરનો હાથ તોડી નાખવાનું મન થઈ ગયું



મુંબઈ,તા.૧૦

એક્ટર શાહિદ કપૂર અને મીરા રાજપૂત બોલિવૂડના પોપ્યુલર કપલ્સમાંના એક છે. બંનેએ ૨૦૧૫માં લગ્ન કરી લીધા હતા. તેમના બે બાળકો મિશા અને ઝેન છે. શાહિદ ઘણીવાર પત્ની મીરા અને બાળકોના ફોટોઝ સોશિયલ મીડિયા પર શેર કરતો રહે છે. જોકે હવે મીરાએ શનિવારે એક પોસ્ટ શેર કરીને જણાવ્યું કે તેને ડહાપણ દાઢ કઢાવવામાં લેબર પેનથી વધુ દુખાવો થયો. આ દરમ્યાન શાહિદ તેની પાસે હોત તો તે તેનો હાથ તોડી દેતી. તેણે એવું પણ જણાવ્યું કે મિશા અને ઝેનની ડિલિવરી દરમ્યાન તેને એટલો દુખાવો થયો હતો કે તેણે શાહિદના હાથમાં લગભગ ફ્રેક્ચર જ કરી દીધું હતું. મીરા શુક્રવારે ડહાપણ દાઢ કઢાવવા માટે શાહિદ વગર ડોક્ટર પાસે પહોંચી હતી. ત્યારબાદ તેણે પોસ્ટ શેર કરીને જણાવ્યું કે આ દરમ્યાન તેણે શાહિદને ઘણો મિસ કર્યો. મીરાએ તેની ઈન્સ્ટા પોસ્ટમાં ડહાપણ દાઢ કઢાવવાના દુખાવા અને બર્થ ડિલિવરી ટાઈમ પર થતા દુખાવાની સરખામણી પણ કરી. પોસ્ટમાં તેણે ખુદનો એક ફોટો પણ શેર કર્યો છે. મીરાએ પોસ્ટમાં લખ્યું, 'આજે હું મારી ડહાપણ દાઢ કઢાવવા ગઈ હતી. તેના દુખાવા સામે મને લેબર પેન એક યોગ સ્ટ્રેચ જેવો લાગ્યો. ડહાપણ દાઢ કઢાવવા સમયે મેં શાહિદને ઘણો મિસ કર્યો. જો તે મારી સાથે હોત તો આ વખતે કદાચ હું તેનો હાથ તોડી જ દેતી કારણકે મારી બે ડિલિવરી દરમ્યાન મને એટલો દુખાવો થયો હતો કે મેં શાહિદના હાથમાં લગભગ ઘણા ફ્રેક્ચર જ કરી દીધા હતા?'

# જિલ્લા-તાલુકા પંચાયતો-પાલિકામાં ભાજપના ઉમેદવારો શુક્રવારે ફોર્મ ભરશે

**ત્રણ દિવસની કવાયતના અંતે ભાજપે ૮૪૭૪ ઉમેદવારોની પસંદગી કરી, કોંગ્રેસ ઉમેદવારોને સીધા મેન્ટેડ આપશે : ૬ મહાપાલિકામાં ૨૨૯૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા!**

**સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અન્ય પક્ષોના દેખાવ પર પરિણામનો તમામ મદાર રહેશે**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૦

રાજ્યમાં ૬ મહાપાલિકાની ચૂંટણી ઉમેદવારી પરત ખેચવાની કામગીરી પૂર્ણ થતાં રાજકીય પક્ષોમાં મોવડીઓ દ્વારા ૩૧ જીલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી ભાજપે ત્રણ દિવસની કવાયતના અંતે પુર્ણ કરેલ છે જયારે કોંગ્રેસ પોતાનાં ઉમેદવારોને પત્રક ભરવા સમયે મેન્ડેટ આપવા વિચારણા ચલાવી રહી છે રાજયની ૬ મહાપાલિકાની સામાન્ય ચૂંટણીમાં કુલ ૨૨૯૧ બેઠકનું તેમજ જૂનાગઢની સહિત કુલ ૨૨૯૩ બેઠકોનું મતદાન યોજાનાર છે. જયારે ૩૧ જિલ્લા પંચાયત માટે ૯૮૦, ૨૩૧ તાલુકા પંચાયત માટે ૪૭૭૪ અને ૮૧ નગરપાલિકા માટે ૨૭૧૯ બેઠકની ચૂંટણી યોજાનાર છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ખરાખરીના ખેલ હવે શરૂ થતાં રાજકીય પંડિતોની નજર નડતર, પડતર અને કડતર તરફ મંડાયેલ છે. ઉકળતા ચરૂ જેવી સ્થિતી બન્ને મુખ્ય હરીફ પક્ષોમાં છે. પરંતુ ત્રીજા બળ તરીકે ઉપસવાની મહેચ્છા સાથે મેદાનમાં ઉતરેલા પક્ષો માટે જીતની તક નહિંવત છે પરંતુ આવા ઉમેદવારો કોના મત કાપે છે તેના પર મહાપાલિકાનું ચૂંટણી પરિણામ બદલી શકે છે.

સામાન્ય રીતે આજસુધી ગુજરાતની કોઈપણ ચૂંટણીમાં બહારના રાજકીય કે પ્રદેશિક પક્ષો ખાસ મોટું કાઠું કાઢવામાં સફળ થયા નથીં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તો કયારેક સ્થાનિક મોર્ચા કે સમિતિઓ પણ ભાજપ-કોંગ્રેસને ભારે પડયાનાં અનેક ઉદાહરણો મોજુદ છે. વર્તમાન ચૂંટણીમાં આપ (આમ આદમી પાર્ટી) ઉપરાંત બી.ટી.સી. અને એ.આઈ. એમ.આઈ. એમ. વચ્ચેનું રાજકીય જોડાણ બ.સ.પા. તેમજ અપક્ષો સહિતના પક્ષોના ઉમેદવારોએ જંગમાં ઝુકાવતા ચૂંટણીનાં સમીકરણો બદલાતા રહ્યા છે.

એકંદરે ગુજરાતમાં રાષ્ટ્રીય પક્ષ ભા.જ.પ. અને કોંગ્રેસ વચ્ચે તિવ્ર સ્પર્ધાનો જંગ જામતો રહેલ છે. બન્ને પક્ષનાં નેતાઓ દ્વારા પોતાના ઉમેદવારની જીત માટે કાવાદાવા સભર ચૂંટણી રણનીતિ ઘડવામાં આવી રહી છે. ચૂંટણી જીતવા શામ, દામ, દંડ અને ભેદની નીતિ પણ છેલ્લી ઘડીએ અપનાવવામાં આવે છે. રાજકીય પક્ષોનાં કેટલાક માથાભારે કાર્યકરો તેની ટોળકીઓ સાથે નીકળી પડી કેટલાક સ્થળોએ બોગસ મતદાન કરાવી પોતાનાં ઉમેદવારને જીતાડવાનાં ભરપૂર પ્રયાસો કરે છે. જેમાં ચૂંટણી પંચની આબરૂનાં ધજાગરા પણ થતા જોવા મળે છે.

રાજ્યમાં બે તબક્કામાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી રાજયમાં વિધાનસભાની ચૂંટણી પહેલાની સૌથી મોટી ચૂંટણી હોવાથી ભા.જ.પ. - કોંગ્રેસ દ્વારા વધુમાં વધુ શ્રેષ્ઠ દેખાવ કરવાની અપેક્ષા નેતાઓ-આગેવાનો સેવી રહ્યા છે. પરંતુ મતદારો સ્થાનિક પ્રાથમિક સુવિધાથી વંચિત હોવા ઉપરાંત સતત વધતી મોંઘવારી, સામાન્ય માનવીની ઘટતી આવક વચ્ચે સરકારી તંત્રના હુકમો મુજબ હજાર-હજારનો દંડ સહિતના પ્રશ્ન દેખાવ કરવાની અપેક્ષા નેતાઓ-આગેવાનો સેવી રહ્યા છે. પરંતુ મતદારો સ્થાનિક પ્રાથમિક સુવિધાથી વંચિત હોવા ઉપરોત સતત વધતી મોંઘવારી, સામાન્ય માનવીની ઘટતી આવક વચ્ચે સરકારી તંત્રના હૂકમો મુજબ હજાર-હજારનો દંડ સહિતના પ્રશ્નો મતદારોના મનમાં છે.

ચૂટણી આવે ત્યારે ભાદરવામાં દેડકાની જેમ અચાનક દર્શન આપણા ચૂંટણી લડવા થનગનતા ઉમેદવારો સામે છૂપા લોકરોષનો ભોગ બનવાની તૈયારી સાથે પ્રચારનાં નિકળવાની તૈયારી કરવી પડશે, જે સભ્યો સતત પોતાના મતદારો વચ્ચે રહ્યા છે અને કામ કરેલ છે તેને મતદારો આવકારશે પણ ખરાં?

રાજયમાં ૬ મહાપાલિકાનાં ચૂંટણી પ્રચારનાં હવે ૯ દિવસ જ બચ્યા છે ત્યારે ઉમેદવારોને પોતાના વિસ્તારનું ઓછામાં ઓછું એક ચક્કર (પરિક્રમા) પૂરી કરવી પડશે જ ! ત્યારે પ્રચારમાં નીકળતા આગેવાનો- નેતા કે ઉમેદવારોએ લોકોની હૈયાવરાળ પણ સાંભળવાની તૈયારી રાખવી પડશે.

# બોરકુવાની આશ્રમ શાળાના મહિલા આચાર્યા રૂા.૨૦૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

**તાપી જિલ્લા લાંચ રૂશ્વત વિરોધી શાખાના અમલદાર તથા સ્ટાફે ગોઠવેલ છટકામાં સપડાતા, ધરપકડ થઈ**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૦

તાપી જિલ્લાનાં સોનગઢ તાબાનાં બોરકુવા ખાતે આવેલ આદર્શ આશ્રમ શાળાનાં આચાર્યાએ ફરીયાદીની કાયદેસરની કામગીરી કરી આપવાના બદલામાં માંગેલ લાંચની રકમ રૂા.૨૦,૦૦૦ સ્વિકારતા વ્યારા ખાતેથી ઝડપાય જતાં તેમની ધરપકડ કરવામાં આવેલ છે.

તાપીનાં બોરકુવાની આશ્રમ શાળાનાં મહિલા આચાર્ય દમયંતિ માનજીભાઈ ચૌહાણ દ્વારા પાંચમા અને સાતમા પગાર પંચનાં મળવાપાત્ર લાભ અંગેની ફાઈલ ક્લિયર કરી આપવાનાં બદલામાં ફરીયાદી પાસેથી રૂા.૨૦,૦૦૦ની લાંચની રકમ માંગતા ફરીયાદીએ આ મામલે તાપીનાં લાંચ રૂશ્વત વિરોધી શાખાનાં અમલદારોનો સંપર્ક સાધી હકિકતો વર્ણવી ફરીયાદ નોંધાવેલ હતી.

ફરીયાદીની ફરીયાદ બાદ તાપીનાં પોલીસ ઈન્સ્પેક્ટર એસ. એસ.ચૌધરીએ વિભાગનાં સહાયક નિયામક સુરત એન.પી.ગોહિલના માર્ગદર્શનમાં છટકું ગોઠવવાની કાર્યવાહી હાથ ધરેલ નથી. દરમ્યાન આચાર્ય દમયંતિ ચૌહાણે ફરીયાદી પાસે માગેલ લાંચની રકમ અને સ્થળ નિશ્ચિત થતાં એ.સી.બી.નાં સ્ટાફે છટકા અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી હતી.

દરમ્યાન ફરીયાદી અને આચાર્યા વચ્ચે વાતચીત થતાં લાંચની રકમ વ્યારા ખાતે ઉનાઈ રોડ પર, પાણીનાં ટાંકા પાસે આપવા જણાવતાં ફરીયાદીએ ઉપરોક્ત સ્થળે રૂા.૨૦,૦૦૦ આપતા આચાર્યોએ સ્વિકારતા તુરંત જ લાંચ રૂશ્વત વિરોધી શાખાનાં અમલદારોએ પંચ-સાક્ષીની રૂબરૂમાં આચાર્યની અટક કરી તલાશી લેતા રૂા.૨૦,૦૦૦ મળી આવતાં તેમની ભ્રષ્ટાચાર નિવારણ ધારા હેઠળ ધરપકડક કરેલ છે.

# ઝગડીયાના રાજપારડી નજીક એસટી અને ટ્રક વચ્ચે અકસ્માત : ચારના મોત

ચક્રવાત ટીમ ઝગડીયા,તા.૧૦

ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીક સ્ટેટ હાઈવે પર સિમધરા પાસે એસટી બસ સાથે હાઈવા ટ્રક પાછડથી ભટકાતા અકસ્માત સર્જાયો હતો,



એસટી બસ રાજપારડી તરફથી અંકલેશ્વર તરફ જઈ રહી હતી તે વખતે અંકલેશ્વર તરફ જતી એક હાઈવા ટ્રક સાથે ભટકાતા અકસ્માત સર્જાયો હતો,

આ બનાવમાં ૪ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા જેમાથી ૨ લોકોને વધુ ઈજાઓના પગલે અવિદ્યા સીએચસી ખાતે સારવાર માટે ૧૦૮ મારફતે ખસેડવામાં આવ્યાં હતાં જ્યારે ૨ નાના બાળકોને નાનીમોટી ઈજાઓ થતા સ્થળ પર સારવાર આપવામા આવી હતી,

એસટી બસ કવાંટથી સુરત થઈ નવસારી તરફ જઈ રહી હતી એ સમયે આ ઘટના બની હતી.

# ગોંડલમાં ચડ્ડી-બનિયાનધારી ગેંગનો આતંક : પોલીસકર્મીના ઘરમાં ત્રાટક્યા

**ચાર શખ્સો રઘુવીર સોસાયટીમાં ત્રાટક્યા, સમગ્ર કિસ્સો સીસીટીવીમાં કેદ**

ચક્રવાત ટીમ ગોંડલ,તા.૧૦

ગોંડલ કોટડાસાંગાણી રોડ પર રઘુવીર સોસાયટીમાં રહેતા નિવૃત પીએસઆઇ ના પુત્ર ના ઘર અને એસ.આર.પી મેનના ઘર ને ચાર ચડ્ડી-બનિયાનધારી શખ્સોએ નિશાન બનાવી ઘરફોડ ચોરી કરતા સુરક્ષા કર્મચારીઓના ઘર અસુરક્ષિત બન્યા હોય લોકોમાં ભયનો માહોલ ફેલાવા પામ્યો છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.



પ્રાપ્ત વિગતો મુજબ શહેરના કોટડાસાંગાણી રોડ પર આવેલ રઘુવીર સોસાયટી માં રહેતા રાજવીર એન્ટરપ્રાઇઝ વાળા રાજભા ગોહિલ કે જેઓ નિવૃત પી.એસ.આઇ જયદેવસિંહ ગોહિલ ના પુત્ર પુત્ર છે તેઓના અને તેની પાસે આવેલા કર્મચારી રાજેન્દ્રસિંહ ગોહિલ ના ઘરમાં ચાર ચડ્ડી-બનિયાનધારી શખ્સોએ ત્રાટકી ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.

એસઆરપી માં ફરજ બજાવતા રાજેન્દ્રસિંહ ગોહિલ તેઓના વતન પછેગામ પરિવાર સાથે ગયેલા હોય બંધ મકાનની તસ્કરો દ્વારા રેકી કરવામાં આવી હતી પ્રથમ રાજભા ગોહિલ ના મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા બાદમાં ત્યાંથી એસઆરપી કર્મચારી ના મકાનમાં ત્રાટકી ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો ઘટના અંગે સીટી પોલીસને જાણ કરવામાં આવી છે પોલીસ તપાસ બાદ ઘરમાંથી કેટલા મુદ્દામાલની ચોરી થવા પામી છે તે હકીકત બહાર આવશે.

# NIT, IIT, CFIT'S પ્રવેશ લાયકાતમાં ફેરફાર




(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૦

કોરોના વાયરસના કારણે નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ના શૈક્ષિણક વર્ષ માટે જેઈઈ-મેન્સ પરીક્ષા આપવા માટે લઘુતમ લાયકાત ધો.૧૨માં ૭૫ ટકા હતી, જ્યારે બીજી તરફ તેમાં ફેરફાર કરીને માત્ર ધોરણ-૧૨ પાસ કરી નાખવાથી વિદ્યાર્થીઓને ઘણો ફાયદો થશે. ત્યારે તેનો મતલબ એવો કે આ વર્ષે બહોળી સંખ્યામાં ૧૨ પાસ વિદ્યાર્થીઓ ઈચ્છે તો જેઈઈ-મેન્સ પરીક્ષા આપી શકશે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન જ્યાં સુધી નોટિફિકેશન બહાર ના પાડે ત્યાં સુધી ઈજનેરી કોલેજને આ લાભ નહી મળે, ઉલ્લેખનીય છે કે આ મામલે નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ ફેબ્રુઆરીના રોજ જાહેર નોટીસ આપી હતી. તેમાં જાહેરાત કરવામાં આવી છે કે જેઈઈ-મેન્સ આપવા માટેની લાયકાત માત્ર હવે ધોરણ-૧૨ પાસ રહેશે. નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ જેઈઈ-મેન્સ માટે જ લાયકાતમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

# વડોદરામાં એક જ દિવસમાં ત્રણ અકસ્માતમાં ઘવાયેલ ત્રણ વ્યક્તિના મોત : બે ઈજાગ્રસ્ત

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૦

છેલ્લા ૨૪ કલાક દરમિયાન વડોદરા શહેર અને જિલ્લામાં અકસ્માતની ૩ ઘટનાઓ બની હતી. જેમાં ૩ લોકોના મોત નીપજ્યા હતા, જ્યારે બે લોકોને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ બનાવો સંદર્ભે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના સયાજીપુરા ગામમાં રહેતા અબ્દુલ સત્તાર સલાટ ૪ ફેબ્રુઆરીના રોજ મિત્રની ઈકો કાર લઈ પરિવાર સાથે રાજસ્થાન લગ્નમાં ગયા હતા ૮ ફેબ્રુઆરીના રોજ તેઓ પરત આવી રહ્યા હતા, તે દરમિયાન વડોદરા નજીક આજવા રોડ પર આવેલા રવાલ ગામની સીમમાં સામેથી આવતા ટ્રેક્ટર સાથે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં કારચાલકની બહેન રીઝવાના, બનેવી સબ્બીર અલી સલાટ અને દીકરા



અલમસ સલાટને ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલીક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં ૩૫ વર્ષીય રીઝવાના બહેનનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક ટ્રોલી સાથે નાસી છૂટ્યો હતો.

બીજા બનાવમાં મૂળ મધ્યપ્રદેશના રહેવાસી અને સિકયુરિટી ગાર્ડની નોકરી કરતા ૩૮ વર્ષીય વેદપ્રકાશ ચતુર્વેદી તેમના મિત્ર અજીતસિંગ રાજપૂત સાથે પોર ખાતે રહેતા સંબંધી અનિલસિંગ રાજપૂતના ઘરે આવ્યા હતા. દરમિયાન ૮ ફેબ્રુઆરીના રોજ ત્રણેય વ્યક્તિ પોરથી વાપી નોકરી જવા માટે નીકળ્યા હતા અને વડોદરાથી સુરત જતા નેશનલ હાઈવે નં-૪૮ ઉપર બસની રાહ જોઈને ઊભા હતા દરમિયાન તેઓ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, તે સમયે અજાણ્યા ટ્રક ચાલકે ૩૮ વર્ષીય વૈદ પ્રકાશ ચતુર્વેદીને અડફેટે લીધા હતા અને અકસ્માત કરીને ટ્રકચાલક નાસી છૂટ્યો હતો.

ગંભીર રીતે ઘવાયેલા વૈદપ્રકાશને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડ્યા બાદ વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક બનાવમાં મૂળ રાજસ્થાનના રહેવાસી અને હાલ વડોદરા શહેરના સમા વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય ગોવર્ધનભાઈ યાદવ ફર્નિચર વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓ પોતાના દિકરાને ફર્નિચરના ઓજારો આપવા માટે પોતાનું બાઈક લઈને નીકળ્યા હતા, તે સમયે દુમાડ ચોકડી ખાતે મીની બસે બાઈકચાલક ગોરધનભાઈને અડફેટે લીધા હતા. અકસ્માતમાં તેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ મોત નીપજ્યું હતું અકસ્માત કરનાર બસ ચાલક એજાજ શેખ(રહે, કર્ણાટક)ને પોલીસે ઝડપી પાડ્યો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી છે.










Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)